# ગુજરાત

## તીર્થ માર્ગદર્શિકા



શ્રી ઋષભદેવ ભગવાનનું મુખ્ય મંદિર, પાલિતાણા (શત્રુંજય)


લેખક-સંપાદક

**અશોકકુમાર જૈન**

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ



ભટેવા પાર્શ્વનાથ, ચાણસ્મા



શ્રી નેમિનાથ ભગવાન, વાલમ



શ્રી અજિતનાથ ભગવાન, વાવ



જીવિતસ્વામી શ્રી મહાવીર પ્રભુ, મહુવા

# ગુજરાત તીર્થ માર્ગદર્શિકા

## અનુક્રમણિકા


માર્ગદર્શન ૩

**૧. વડોદરા વિભાગ**

નક્શો ૫
૧. પારોલી ૬
૨. પાવાગઢ ૬
૩. બોડેલી ૮
૪. ડભોઈ ૮
૫. ઝઘડિયા ૯
૬. મહુવા ૧૦
૭. ભરુચ ૧૦
૮. ગોધરા ૧૧
૯. કાવી ૧૨

**૨. સૌરાષ્ટ્ર વિભાગ–**

૧. માતર ૧૪
૨. ખંભાત ૧૪
૩. ધોળકા(કળિકુંડ) ૧૫
૪. તગડી (નંદનવન) ૧૬
૫. અયોધ્યાપુરમ્ ૧૭
૬. વલ્લભીપુર ૧૭
૭. સોનગઢ ૧૮
૮. કીર્તિધામ ૧૮
૯. પાલીતાણા ૧૯
૧૦. હસ્તગિરિ ૨૨
૧૧. શેત્રુંજી ડેમ ૨૩
૧૨. કદંબગિરિ ૨૩
નક્શો ૨૪-૨૫
૧૩. તલાજા ૨૬
૧૪. ઘોઘા ૨૭
૧૫. દાઠા ૨૭
૧૬. મહુવા ૨૮
૧૭. અજારા ૨૯
૧૮. ઊના ૩૦
૧૯. દેલવાડા ૩૦
૨૦. દીવ ૩૦
૨૧. ચંદ્રપ્રભાસપાટણ ૩૧
૨૨. વંથલી ૩૨
૨૩. જૂનાગઢ ૩૩
૨૪. જામનગર ૩૬
૨૫. રાજકોટ ૩૮
૨૬. સિયાણી ૩૮

**૩. કચ્છ વિભાગ-નક્શો ૪૦**

૧. કટારિયા ૪૨
૨. ભદ્રેસર ૪૩
૩. મુન્દ્રા ૪૩
૪. ભુજપુર ૪૪
૫. મોટી ખાખર ૪૪
૬. નાની ખાખર ૪૪

| | |
|---|---|
| ૭. બિદડા | ૪૪ |
| ૮. બોંતેર જિનાલય | ૪૪ |
| ૯. માંડવી (જૈન આશ્રમ) | ૪૪ |
| ૧૦. સુથરી | ૪૫ |
| ૧૧. નળિયા | ૪૫ |
| ૧૨. કોઠારા | ૪૬ |
| ૧૩. જખૌ | ૪૭ |
| ૧૪. તેરા | ૪૭ |
| ૧૫. ભુજ | ૪૮ |
| **૪.અમદાવાદ-શંખેશ્વર વિભાગ** | |
| ૧. અમદાવાદ | ૪૯ |
| ૨. ઉપરિયાલાજી | ૫૦ |
| ૩. શંખેશ્વર | ૫૧ |
| ૪. જમણપુર | ૫૧ |
| ૫. કંબોઈ | ૫૨ |
| ૬. ચાણસ્મા | ૫૨ |
| ૭. ગાંભુ | ૫૩ |
| ૮. મોંઢેરા | ૫૩ |
| ૯. રાંતેજ | ૫૪ |
| ૧૦. ભોયણી | ૫૫ |
| ૧૧. પાનસર | ૫૫ |
| નક્શો | ૫૬-૫૭ |
| ૧૨. સેરિસા | ૫૮ |
| ૧૩. વામજ | ૫૯ |
| **૫. રાધનપુર-પાટણ વિભાગ** | |
| ૧. મહેસાણા | ૬૦ |
| ૨. રાધનપુર | ૬૦ |
| ૩. વાવ | ૬૦ |
| ૪. ઢીમા | ૬૧ |
| ૫. ભોરોલ | ૬૧ |
| ૬. થરાદ | ૬૧ |
| ૭. ભીલડિયાજી | ૬૨ |
| ૮. ડીસા (જૂના) | ૬૨ |
| ૯. ચારૂપ | ૬૨ |
| ૧૦. પાટણ | ૬૩ |
| ૧૧. મેત્રાણા | ૬૪ |
| ૧૨. પાલનપુર | ૬૫ |
| ૧૩. કુંભારિયાજી | ૬૫ |
| ૧૪. મોટા પોશીના | ૬૬ |
| ૧૫. ખેડબ્રહ્મા | ૬૭ |
| ૧૬. દેરોલ-વાઘેલા | ૬૭ |
| ૧૭. વડાલી | ૬૮ |
| ૧૮. ઈડર | ૬૮ |
| ૧૯. દાવડ | ૬૮ |
| ૨૦.પોસીના | ૬૯ |
| ૨૧. ભિલોડા | ૭૦ |
| ૨૨. તારંગા | ૭૦ |
| નક્શો | ૭૨-૭૩ |
| ૨૩. વડનગર | ૭૪ |
| ૨૪. ઉમતા | ૭૪ |
| ૨૫. વાલમ | ૭૫ |
| ૨૬. બીજાપુર | ૭૫ |
| ૨૭. મહુડી | ૭૫ |
| રોડ સંબંધી સૂક્ષ્મ માહિતી | ૭૭ |
| મુખ્ય તીર્થોના ફોન નંબર | ૭૮ |

# ગુજરાત તીર્થ માર્ગદર્શિકા

## માર્ગદર્શન

આમાં હાઈવે પર ઘણા તીર્થો નવા થયેલા છે તે બધા લીધા નથી. કોઈ નવું તીર્થ રસ્તામાં આવતું હોય તો સુવિધા માટે બતાવેલ છે. ગુજરાતના તીર્થો પાંચ વિભાગમાં વહેંચ્યા છે. નક્શા પણ પાંચ આપ્યા છે. વાહન લઈને યાત્રા કરવી હોય તો ૨-૩ સાથે કરી શકાય અને ૪-૫ સાથે કરી શકાય. નક્શા સ્કેલ પ્રમાણે છે એટલે માપીને પણ કિલોમીટરનો અંદાજ કાઢી શકાય. કોઈ તીર્થ ન લેવું હોય તો પોતાની અનુકૂળતા પ્રમાણે પ્લાન ફેરવી શકાય.

**૧.વડોદરા વિભાગ :-** વડોદરાથી શરૂ કરીને પારોલી, પાવાગઢ, બોડેલી, ડભોઈ, કરજણ (ગૌશાળા), સુમેરુ તીર્થ, અણસ્તુ (કરજણ ગામમાં) ઝઘડિયા, ભરુચ, ગાંધાર, કાવિ, થઈને વડોદરા પરત આવવું.

**૨.સૌરાષ્ટ્ર વિભાગ :-** અમદાવાદ અથવા વડોદરાથી યાત્રા કરવી હોય તો માતર, ખંભાત, ધોળકા, વટામણ ચોકડી (નવકાર) તીર્થ, ધોલેરા થઈને ધંધુકા થઈને તગડી, અયોધ્યાપુરમ્, વલ્લભીપુર, સોનગઢ, કીર્તિધામ, પાલીતાણા, હસ્તગિરિ જઈને પાછા પાલીતાણા, શેત્રુંજી ડેમ, કદંબગિરિ, તલાજા, ઘોઘા, દાઠા, મહુવા, અજારા, ઊના, દેલવાડા, દીવ, પ્રભાસપાટણ (સોમનાથ), વંથલી, જૂનાગઢ (ગિરનાર), જામનગર, રાજકોટ, ડોળીઆ (સાયલા પહેલા), સિયાણી (વાયા લીંમડી) થઈને અમદાવાદ આવવું.

**૩.કચ્છ વિભાગ :-** અગર ઉપરની સાથે કચ્છની યાત્રા કરવી હોય તો જામનગરથી માલીઆ થઈને કટારિયા (સામખીયાલી પછી ૧૦ કિ.મી. પછી જમણી બાજુ), ભદ્રેસર, તેની નાની તથા મોટી પંચતીર્થી કરીને ભુજ જવું અને ભુજથી રાજકોટ, ડોળીયા, સિયયાણી કરીને અમદાવાદ આવવું. અગર એકલું કચ્છ કરવું હોય તો ટ્રેનથી ગાંધીધામ જવું અને ત્યાંથી વાહનમાં બધી યાત્રા કરીને ભુજથી ટ્રેનમાં પોતાના ગામે જવું. ૨-૩ દિવસ જોઈએ.

**૪.અમદાવાદ-શંખેશ્વર વિભાગ :-** અમદાવાદથી વીરમગામ થઈને ઉપરિયાલા, શંખેશ્વર, જમણપુર, કંબોઈ, ચાણસ્મા, ગાંભુ, મોઢેરા, રાંતેજ, ભોયણી,પાનસર, સેરિસા, વામજ થઈ અમદાવાદ આવવું.

**૫.રાધનપુર-પાટણ વિભાગ :-** મહેસાણાથી શરૂ કરીએ તો ગોળ ટૂર થાય. મહેસાણાથી (ગાંભુ, ચાણસ્મા, કંબોઈ ઉપરની ટૂરમાં ન કર્યા હોય તો) રાધનપુર, વાવ, ઢીમા, ભોરોલ, થરાદ, ભીલડી, જૂના ડીસા, ચારૂપ, પાટણ, મેત્રાણા, પાલનપુર, કુંભારિયા, (કરવું હોય તો આબુ પર્વત પણ કરી શકાય, એ રાજસ્થાનમાં છે) મોટા પોશીના, ખેડબ્રહ્મા, દેરોલ-વાઘેલા, વડાલી, ઈડર, દાવડ, નાના પોશીના, ભિલોડા, પછી ઈડર-વડાલી-ધરોઈ ડેમ થઈને તારંગા, ખેરાળુ, વડનગર, ઉમતા, વાલમ, બીજાપુર, મહુડી થઈને મહેસાણા અથવા અમદાવાદ આવવું.

# ૧. વડોદરા વિભાગ

# १. वडोदरा विभाग



**પારોલી :-** આ તીર્થ ગોધરાથી ૩૦ કિ.મી. અને વેજલપુરથી ૧૬ કિ.મી. દૂર છે. વિ.સં.૧૫૪૦ પહેલા આ પ્રતિમા ધનેશ્વર ગામમાં હતી. પછી મહમદ બેગડાના ભયથી નદીમાં સુરક્ષિત



राखेली. પછી સ્વપ્નના આધારે શોધ કરતાં પ્રતિમા પ્રગટ થઈ અને બળદગાડામાં લઈ જતાં અહીં અટકી ગઈ. એટલે અહીં મંદિર બનાવવામાં આવ્યું. અહીં ભગવાનને 'સાચા દેવ શ્રી નેમિનાથ' તરીકે લોકો માને છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

**પાવાગઢ :-** ચાંપાનેર ગામની નજીક પહાડ પર આ દિગંબર તીર્થ આવેલું છે. શ્રીરામના પુત્રો લવ અને કુશ અહીંથી મોક્ષે ગયા હોવાથી આ સિદ્ધક્ષેત્ર ગણાય છે. પહાડ પર સાત મંદિરો છે. પાર્શ્વનાથ ભગવાનનું મંદિર ચૌદમી સદીનું છે.

તળેટીથી કાળકા માતા સુધી પગપાળા ૫ કિ.મી.નું મુશ્કેલ ચઢાણ છે. બાકી તળેટીથી માચી સુધી વાહન જાય છે અને ઉપર દૂધિયા તળાવ સુધી રોપવે બનાવેલ છે. દૂધિયા તળાવની જમણી બાજુ ૨-૩ મંદિર છે અને ડાબી બાજુ કાળકા માતાના મંદિરે જતાં


पहाड पर स्थित दिगंबर मंदिर, पावागढ

રસ્તામાં ૩-૪ મંદિર આવે છે. દૂધિયા તળાવથી આગળ ખાસ ચઢાવ નથી. અહીં કાળકા માતાની માન્યતા હોવાથી ઈતરધર્મીઓની અવર-જવર બહુ રહે છે. 'પાવાગઢથી ઊતર્યા મહા કાળી મા' બહુ પ્રસિદ્ધ ગીત છે. શિલ્પકળા જોતાં આ કાળકા માતાનું મંદિર પણ પ્રાચીન જૈન મંદિર જ લાગે છે.

તળેટીમાં દિગંબર મંદિર અને ધર્મશાળા એક કોટમાં આવેલા છે. કોટની બહાર રોડ ઉપર નૂતન શ્વેતાંબર મંદિર, ધર્મશાળા-

ભોજનશાળાની સુવિધા સાથે બનેલ છે. આ તીર્થ વડોદરાથી ૪૨ કિ.મી. દૂર છે.

**બોડેલી :-** આ સ્થળ ડભોઈ-અલીરાજપુર રોડ પર આવેલું છે. વિ. સં. ૨૦૧૧માં આ મંદિરની પ્રતિષ્ઠા કરવામાં આવેલ છે. મંદિર નવું છે પણ સુંદર છે. અહીં હજારો પરમાર ક્ષત્રિયોને જૈન બનાવવાનું કામ ચાલી રહ્યું છે. ધર્મશાળા અને ભોજનશાળાની સુવિધા છે.

**ડભોઈ (દર્ભાવતી)**–એક જ ગલીમાં ૫-૭ મંદિરો આવેલા છે. ગલીના નાકા સુધી બસ જાય છે. બધા મંદિરો ભવ્ય છે. મુખ્ય મંદિર શ્રી લોઢણ પાર્શ્વનાથનું અતિ પ્રાચીન છે. કહેવાય છે કે રાજા વીરધવળના મંત્રી તેજપાળે એક વિશાલ દુર્ગનો જીર્ણોદ્ધાર કરતી વખતે એક ભવ્ય મંદિરમાં આ પ્રતિમા પ્રતિષ્ઠિત કરી હતી. પછી આ પ્રતિમા લાંબા સમય સુધી જળગર્ભમાં રહી અને રાજા સાગરદત્તના સમયમાં ફરીથી પ્રગટ થઈ. આ પ્રતિમા વેલુ(રેતી)ની હોવા છતાં એનો એક પણ કણ છૂટો પડ્યો નથી, તેથી ભક્તો એને લોઢણ પાર્શ્વનાથ કહે છે. એ બહુ


श्री लोढण पार्श्वनाथ मंदिर, डभोई

પ્રાચીન પ્રતિમા મંદિરના ભોંયરામાં વિરાજિત છે. બીજા એક મંદિરના ભોંયરામાં પ્રગટ પ્રભાવી પાર્શ્વનાથ ભગવાનના પ્રતિમાજી પણ બહુ પ્રાચીન છે. ધર્મશાળા અને ભોજનશાળાની સુવિધા છે. આ તીર્થ વડોદરાથી ૩૩ કિ.મી. દૂર છે.

મંદિરોથી ૩-૪ ફર્લાંગ દૂર શ્રીમદ્ યશોવિજયજીનું સમાધિસ્થાન છે જ્યાં શ્રી યશોવિજયજીને વિદ્વેષી લોકોએ ભ્રષ્ટ સાધુ સમજી ઓરડીમાં પૂરી દીધાં હતાં અને ત્યાં જ તેમણે સમાધિપૂર્વક દેહ છોડ્યો હતો. આ સ્થાનની આજુબાજુમાં ૨-૩ નાની દેરીઓ છે.

ડભોઈથી ઝઘડિયા જતાં વચ્ચે મિયાગામ-કરજણ પાસે મૈન રોડ ઉપર ગૌશાળા, એની પાસે મેરુ પર્વતના આકારનું મંદિર (સુમેરુ તીર્થ) અને ગામમાં અણસ્તુ તીર્થ આવે છે.

**ઝઘડિયા-** વિ. સં.૧૯૨૧માં ગામની પાસે ખેતરોમાંથી થોડી પ્રાચીન મૂર્તિઓ નીકળી હતી. એમાં એક ચક્રેશ્વરી દેવીની મૂર્તિ પણ હતી જેના લેખ અનુસાર વિ.સં. ૧૨૦૦માં આ મૂર્તિ પ્રતિષ્ઠિત થઈ હતી.



श्री आदिनाथ मंदिर, झघडिया

ભરૂચ તથા વડોદરાના શ્રાવકોએ ઝઘડિયાના નરેશ શ્રી ગંભીરસિંહજી પાસે પ્રતિમાઓ માંગી, પણ તેમણે આપી નહીં અને પોતે મંદિર બંધાવી વિ.સં.૧૯૨૮માં સ્થાપના કરી. પછી વિ.સં.૧૯૫૯માં સ્થાનિક જૈન સંઘે રાણાના પુત્ર પાસેથી મંદિરનો વહીવટ લઈ ફરી જીર્ણોદ્ધાર કરાવ્યો.

ભરુચથી સૂરત જતાં જમણી બાજુ ઝઘડિયાનો ફાંટો આવે છે. ભરુચથી એ તીર્થ ૩૩ કિ.મી. દૂર છે. અહીં ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

**મહુવા**—આ દિગંબર અતિશય ક્ષેત્ર સૂરતથી ૪૫, નવસારીથી ૨૯ અને બારડોલીથી ૧૨ કિમી. દૂર N.H.No. 8 પર આવેલું છે. ક્ષેત્રનું પુરાતન નામ મધુપુરી હતું. અહીં ૧૦૦૦ વર્ષ જૂનું મંદિર છે. ધર્મશાળા-ભોજનશાળાની વ્યવસ્થા છે.

**ભરુચ** :- એના પ્રાચીન નામ ભૃગુકચ્છ, ભૃગપુર વગેરે છે. લાટ દેશનું આ એક મહત્ત્વનું નગર હતું. ગણધર ગૌતમસ્વામીએ અષ્ટાપદ પર રચેલ 'જગચિંતામણિ સ્તોત્ર'માં ભરુચમાં બિરાજમાન મુનિસુવ્રતસ્વામીની સ્તુતિ કરી છે—'ભરુઅચ્છહિ મુણિસુવ્વય'. અર્થાત્ ભૃગુકચ્છમાં સ્થિત શ્રી મુનિસુવ્રતસ્વામી પાપનો નાશ કરનારા છે. એથી સિદ્ધ થાય છે કે એ તીર્થ મહાવીર ભગવાનના સમયમાં હતું.

જૈન શાસ્ત્રો અનુસાર આ નગરમાં અશ્વમેધ યજ્ઞ માટે તૈયાર કરેલા અશ્વને શ્રી મુનિસુવ્રત ભગવાને પ્રતિબુદ્ધ કર્યો હતો અને તે




મરીને દેવ થયો હતો. તેણે પોતાના ઉપકારીના સ્મરણાર્થે 'અશ્વાવબોધ' નામે મંદિર બંધાવ્યું હતું. પછી સિંહલ દ્વીપની રાજકુમારી સુદર્શનાને પોતાના સમડીના પૂર્વભવનું જાતિસ્મરણજ્ઞાન થવાથી એ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવી શકુનિકા-વિહાર નામ રાખ્યું હતું. કાલક્રમે આ મંદિર મસ્જિદમાં ફેરવાઈ ગયું. વર્તમાન જામા મસ્જિદ એ પ્રાચીન મંદિર જ હશે. મૂર્તિ ક્યાંય સચવાઈ રહી હતી તે વિ.સં. ૨૦૪૫ માં નવનિર્મિત મંદિરમાં પુનઃ પ્રતિષ્ઠિત કરવામાં આવી છે. આના ભૂમિગૃહમાં નૂતન ભક્તામર મંદિર બનાવેલ છે, જેમાં ૪૪ ગાથાઓના ૪૪ ગોખલાં બનાવેલા છે. આ મંદિર સોનેરી મહેલના ખાંચામાં શ્રીમાળી પોળમાં આવેલું છે. મંદિરની સામે જ ધર્મશાળા ભોજનશાળાની સુવિધા છે.

**ગાંધાર**—એક લેખ અનુસાર વિ.સં. ૧૬૬૪માં અહીં પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિની પ્રતિષ્ઠા થઈ હતી, એટલે આ તીર્થ ૫૦૦ વર્ષ

પ્રાચીન તો છે જ. વિક્રમની ૧૭મી સદીમાં શ્રી હીરવિજયસૂરી અહીં ચાતુર્માસ રહ્યા હતા, ત્યારે અકબર બાદશાહે તેમને ફતેહપુર સીકરી આવવા માટે આમંત્રણ મોકલ્યું હતું.

એક જમાનામાં અહીં ઘણા જૈનમંદિરો હતા. પ્રાચીન કાળમાં એ બંદર હતું. હાલમાં અહીં બે મંદિરો છે. છેલ્લો જીર્ણોદ્ધાર વિ.સં. ૨૦૪૫માં થયો છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે. ભરુચથી ૪૫ કિ.મી. દૂર છે.

**કાવી :-** આ તીર્થ સમુદ્ર કિનારે આવેલું છે. પ્રાચીન નામ કંકાવટી છે. હાલ અહીં બે મંદિરો છે. એવી દંતકથા છે કે શ્રીમતી



श्री धर्मनाथ मंदिर, कावी

હીરાબાઈ અને તેમના પુત્રવધૂ શ્રીમતી વીરાબાઈ સર્વજીત-પ્રાસાદ મંદિરમાં ગયા. ત્યાં પ્રવેશદ્વાર નાનું હોવાથી વહુના માથામાં વાગ્યું એટલે વહુએ સાસુજીને કહ્યું કે આપે મંદિર તો વિશાળ બનાવ્યું છે

પણ દરવાજો નાનો છે. એટલે સાસુજીએ મહેણું માર્યું કે તમે પિયેરથી ધન લાવી મોટા દરવાજાવાળું મંદિર બંધાવો. આ વાત સાંભળી વહુએ પાંચ જ વર્ષમાં બીજું મંદિર રત્નપ્રાસાદતિલક નામે બંધાવી પ્રતિષ્ઠા કરાવી.

ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે. વડોદરા કે ભરુચથી જંબૂસર થઈને અહીં અવાય છે. પાકો રોડ છે. ગાંધારથી કાવી ૭૦ કિ.મી. અને ભરુચથી ૮૦ કિ.મી. છે.

## કિલોમીટરની માહિતી

*(પ્રકાશિત પુસ્તકોના આધારે અને અનુમાનથી લખેલ છે.)*

વડોદરાથી પારોલી ૬૦; • થી પાવાગઢ ૩૦; • થી બોડેલી ૩૦; • થી ડભોઈ ૪૦; • થી કરજણ (ગૌશાળા) ૫૨; • થી સુમેરુ તીર્થ ૧; • થી અણસ્તુ ૫; • થી ઝઘડિયા ૬૦; • થી મહુવા ૮૫; • થી ભરુચ ૯૫; • થી ગાંધાર ૪૫; • થી કાવી ૭૦; • થી વડોદરા ૯૬

વધારાની માહિતી–સૂરતથી ઝઘડિયા ૭૦; વડોદરાથી ડભોઈ ૩૩; ભરુચથી કાવી ૮૦; ભરૂચથી ઝઘડિયા ૩૦; પાવાગઢથી કરજણ ૧૦૦; સુરતથી મહુવા ૪૫

# ૨. સૌરાષ્ટ્ર વિભાગ

**માતર :-** નડિયાદથી ૧૬ કિ.મી. અને ખેડાથી ૫ કિ.મી. દૂર આ તીર્થ આવેલું છે. અહીં સાચા દેવ સુમતિનાથ ચમત્કારી મનાય છે. મૂર્તિ પાસેના ગામમાં જમીન-માંથી નીકળી હતી, તે વિ.સં. ૧૮૫૪ માં અહીં પ્રતિષ્ઠિત કરેલ છે. ભોજનશાળા-ધર્મશાળાની સગવડ છે.


श्री सुमतिनाथ जिनालय,
मातर

**ખંભાત**–પ્રાચીન કાળમાં આનું નામ ત્રંબાવતીનગર હતું. ખારવાડા મહોલ્લામાં આવેલ સ્તંભણ પાર્શ્વનાથનું મંદિર પ્રાચીન અને પ્રખ્યાત છે. વિ.સં. ૧૧૧૧ માં શ્રી અભયદેવસૂરીએ સેડી નદીના કિનારે 'જયતિહુયણ સ્તોત્ર' ની રચના કરી હતી, જેથી આ ચમત્કારી પ્રતિમા ભૂગર્ભ-


श्री स्तंभन पार्श्वनाथ मंदिर
खंभात

માંથી પ્રગટ થઈ હતી. પછી વિ.સં.૧૧૬૫ માં આ મંદિરનું નિર્માણ થયું. તે પછી એના કેટલીય વાર જીર્ણોદ્ધાર થયા છે. એ મંદિરની આસપાસ ૧૫-૨૦ મંદિરો આવેલા છે. એ મંદિરને લઈને ખંભાતનું એક નામ સ્તંભતીર્થ પણ છે. વિ.સં.૧૨૭૭ માં દંડનાયક વસ્તુપાળે અહીં તાડપત્ર પર અનેક ગ્રંથો લખાવ્યા હતા. આમ તો ખંભાત મંદિરોની નગરી છે. શ્રી હેમચંદ્રાચાર્યે અહીં જ દીક્ષા લીધેલી, એની સ્મૃતિમાં અહીં હેમચંદ્રાચાર્ય સ્મૃતિમંદિર પણ છે. ત્યાંથી એક ફર્લાંગ દૂર માણેકચોકમાં શ્રી બંસીલાલ અંબાલાલ જૈન યાત્રિકભવન (ધર્મશાળા અને ભોજનશાળા) આવેલું છે. આણંદથી ખંભાત રેલ રસ્તે ૪૦ કિ.મી. છે અને મંદિરો સ્ટેશનથી ૧ કિ.મી. દૂર છે.

ખંભાતથી ધોળકા જતાં વચ્ચે વટામણ ચોકડી પાસે એક નવું તીર્થ (નવકાર તીર્થ) આવે છે, ત્યાં પણ જમવા-રહેવાની સગવડ છે.

**ધોળકા (કળિકુંડ)**—ખેડા-બગોદરા રોડ ઉપર ધોળકાથી થોડે દૂર ગામ બહાર આ તીર્થ આવેલું છે. યુગપ્રધાન શ્રી જિનદત્તસૂરીની એ જન્મભૂમિ છે. વિ.સં. ૧૨૭૬માં વસ્તુપાલ-તેજપાલની મંત્રીપદે અહીં જ નિયુક્તિ થઈ હતી. પાર્શ્વનાથ ભગવાનની આ સ્થળે હાથીએ કમળથી પૂજા કરી હતી એમ પૂજામાં ઉલ્લેખ આવે છે—

કાઉસગ્ગ મુદ્રા પ્રભુ ઠાવે, વનહાથી તિહાં એક આવે;
જળ શૂંઢ ભરી નવરાવે, જિન અંગે કમળ ચઢાવે;
કળિકુંડ તીરથ તિહાં થાવે, હસ્તી ગતિ દેવની પાવે.




એ ઐતિહાસિક ઘટનાની સ્મૃતિમાં આ પ્રાચીન તીર્થનો જીર્ણોદ્ધાર કરી વિ.સં. ૨૦૩૮માં કળિકુંડ પાર્શ્વનાથની પ્રાચીન પ્રતિમાને ફરીથી મૂળનાયક તરીકે સ્થાપિત કરવામાં આવી છે. બાજુમાં બીજા ત્રણ મંદિરો છે અને પાલીતાણાની આબેહૂબ રચના પણ દર્શનીય છે. ધર્મશાળા-ભોજનશાળાની સુવિધા છે.

**તગડી (નંદનવન)**–ધંધુકાથી પાલિતાણા જતા તગડી ગામ નજીક હાઈવે પર આ તીર્થ આવેલું છે. મુનિઓને વિહાર વખતે પાલીતાણા જતા રસ્તામાં વિસામા માટે અહીં કોઈએ ઓરડી બંધાવેલ. તે જ ઓરડીમાં રાતવાસો રહેતા શ્રી વિજયનંદનસૂરીનો દેહત્યાગ થયેલ. તેની સ્મૃતિમાં તેમના શિષ્ય શ્રી શીલચંદ્રવિજય-સૂરીજીએ વિ.સં.૨૦૫૫ માં આ તીર્થની સ્થાપના કરેલ છે. મંદિરમાં મૂળનાયક શ્રી મુનિસુવ્રતસ્વામીના ભવ્ય પ્રતિમાજી વિરાજમાન છે. ધર્મશાળા અને ભોજનશાળાની વ્યવસ્થા છે.

**અયોધ્યાપુરમ્**—પાલિતાણા જતા વલ્લભીપુરથી ૧૦ કિ.મી. પહેલા હાઈવે પર જ આ તીર્થ આવેલું છે. અયોધ્યાના પ્રતીકરૂપે આ તીર્થમાં આદિનાથ ભગવાનની ૨૩ ફૂટ ઊંચી પદ્માસન પ્રતિમા વિ.સં.૨૦૫૯માં પ્રતિષ્ઠિત કરેલ છે. અહીં અયોધ્યાદર્શન વિભાગમાં અયોધ્યામાં બનેલી વિશિષ્ટ ઘટનાઓનું હુબહુ ચિત્રણ કરતી રચનાઓ બનાવવામાં આવશે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે.

**વલ્લભીપુર**—વિ.સં.૯૮૦માં પહેલી જ વાર અહીં શ્રી દેવર્ધિ-ગણી ક્ષમાશ્રમણે ૫૦૦ આચાર્યોને ભેગા કરી જૈન આગમો લખાવ્યા હતા. તે પહેલા બધા આગમો મુખપાઠે રાખવાની પ્રથા ચાલતી હતી, પણ તે વખતે ૧૨ વર્ષનો દુષ્કાળ પડવાથી, બધા આગમોનો લોપ થઈ જશે એ ભયથી દેવર્ધિ ગણીએ બધા આચાર્યોને ભેગા કરી શાસ્ત્રો લખાવી જૈન ધર્મની અમૂલ્ય સેવા કરેલ છે. વર્તમાનમાં અહીં મૈન રોડ પર એક મંદિર છે, જેમાં ભોંયરામાં શ્રી દેવર્ધિગણી અને ૫૦૦ આચાર્યોની પર્ષદારૂપે મૂર્તિઓ સ્થાપન કરેલી છે. પહેલે માળે શ્રી દેવર્ધિગણી અને બીજા બે આચાર્યોની મૂર્તિઓ છે અને બીજે માળે શ્રી ઋષભદેવ ભગવાન અને ત્રીજે માળે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ આદિની મૂર્તિઓ છે. પહેલા અહીં ૮૪ ભવ્ય જિનમંદિરો હતા, પણ પછીથી ગુર્જર નરેશ હમ્મીરના આક્રમણોથી એ નગરીનો હ્રાસ થઈ ગયો. વર્તમાન મંદિર ૧૫૦ વર્ષ જૂનું છે. અહીં ધર્મશાળા તથા ભોજનશાળાની વ્યવસ્થા છે.

**સોનગઢ**—આ કાનજીસ્વામીનું મુખ્ય મથક છે. અહીં નીચે પ્રમાણે મંદિરો છે—(૧) શ્રી મહાવીર-કુંદકુંદ પરમાગમ મંદિર-રૂ.૨૦-૨૫ લાખના ખર્ચે ૩૦-૩૫ વર્ષ પહેલા બનેલું છે. એમાં કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય વગેરે દિગંબર આચાર્યોના ગ્રંથો દિવાલ પર આરસમાં કોતરેલા છે. (૨) શ્રી દિગંબર મંદિર—એમાં વિહરમાન ભગવાનની મૂર્તિઓ છે. દિવાલો પર પટો બનાવેલા છે, જેમાં ૪-૫ પટો તો કાનજીસ્વામીના પોતાના જ જીવન સંબંધી છે. એમનો પૂર્વભવ તીર્થંકરના પુત્ર તરીકે, ભાવી ભવ ધાતકીખંડના તીર્થંકર તરીકે એમની કપોલકલ્પનાના આધારે ચીતરેલ છે. (૩) શ્રી જિનેન્દ્ર ધર્મસભા (સમવસરણ)—એક હોલમાં આખું સમવસરણ રચનારૂપે બનાવેલું છે. સાધુ-સાધ્વી, દેવ-દેવી, તિર્યંચ-મનુષ્ય વગેરે સભામાં ક્યાં બેસે છે? વગેરે બતાવેલું છે. (૪) શ્રી સ્વાધ્યાય મંદિર—અહીં પણ કાનજીસ્વામીના કપોલ-કલ્પિત નવભવનું ફિલ્મ સ્લાઈડરૂપે પ્રદર્શન કરેલું છે. પરમકૃપાળુદેવના બે ચિત્રપટ અને હસ્તલિખિત આત્મસિદ્ધિ પણ છે. પાલીતાણા જતાં રસ્તામાં જ આવે છે. અહીં ધર્મશાળાની વ્યવસ્થા છે. ભોજનશાળા પણ છે.

**કીર્તિધામ :-** મુંબઈના એક સેઠે પોતાના એકાએક દીકરાના અકાળ અવસાનથી તેની સ્મૃતિમાં આ મંદિર બનાવેલું છે. વચ્ચે મંદિર અને ચારે બાજુ વીસ વિહરમાન ભગવાનની દેરીઓ છે. ધર્મશાળા અને ભોજનશાળાની વ્યવસ્થા છે. વલ્લભીપુરથી પાલિતાણા જતાં રસ્તામાં રોડ પર જ આવેલું છે.

**પાલિતાણા :–** જૈનોનું આ સર્વોપરિ તીર્થ ગણાય છે, શાશ્વતું તીર્થ કહેવાય છે. વર્તમાન અવસર્પિણી કાળમાં આદિનાથ ભગવાન પૂર્વ ૯૯ વાર આ પહાડ ઉપર પધારેલ છે, અને કરોડો મુનિઓ અહીંથી મોક્ષે પધાર્યા છે. માટે એ તીર્થનું કણકણ પાવન થયેલું છે.

તળેટીથી ઉપર જતાં આદિનાથ ભગવાનના મંદિર સુધી ૩૭૫૦ પગથિયા છે અને ૪ કિ.મી.નું અંતર છે. ઉપર ચઢતાં ત્રણ કિ.મી. પછી બે રસ્તા આવે છે. એક રસ્તો નવ ટૂક તરફ જાય છે અને બીજો રસ્તો સીધો આદિનાથ ભગવાનની ટૂકે જાય છે. એક ગણના અનુસાર અહીં નાના મોટા ૨૭૦૦ મંદિર અને ૩૫૦૦૦ મૂર્તિઓ છે. ઉપર મંદિરો અલગ અલગ વિભાગમાં વહેંચાયેલા છે તે દરેક વિભાગને ટૂક કહે છે. કુલ નવ ટૂક છે તેના નામ (૧) આદિનાથ પ્રભુની ટૂક (૨) મોતીશાની ટૂક (૩) બાલાવસહી ટૂક (૪) પ્રેમવસહી ટૂક (૫) હેમવસહી ટૂક (૬) ઊજમબાઈની ટૂક (૭) છીપાવસહી ટૂક (૮) સવાસોમાની ટૂક (૯) ખરતરવસહી ટૂક.

નવ ટૂકમાં મુખ્ય ટૂક આદિનાથ ભગવાનની છે જેમાં સૌથી વધારે મંદિરો છે. એ ટૂકમાં વસ્તુપાલ-તેજપાલનું મંદિર, કુમારપાળ રાજાનું મંદિર વગેરે બહુ કલાત્મક છે. મુખ્ય મંદિરની સ્થાપત્ય કળા તો અદ્ભુત જ છે. ત્યાં એક દિગંબર મંદિર પણ છે. એક નવું બાવન જિનાલય હમણાં જ બનેલું છે, જ્યાં મૂળ મંદિરને ફરતી ભમતીમાંથી જવાય છે. ત્યાં બાજુમાં સૂરજકુંડ છે જ્યાં શ્રી ચંદરાજા કૂકડામાંથી મનુષ્ય થયો હતો.

સવાસોમાની ટૂકમાં ચૌમુખજીનું મંદિર સૌથી ઊંચું છે અને આ મંદિર બહુ પ્રાચીન છે. આદિનાથની ટૂક પછી સૌથી મોટી ટૂક મોતીશાની છે. એમાં ૧૬ મંદિર અને ૧૨૩ નાની દેરીઓ છે. નલિનીગુલ્મ વિમાનના આકારનું એ મંદિર છે. એ સિવાય અદ્‌ભુતજી નામે ઓળખાતી આદિનાથ ભગવાનની ૧૮ ફૂટ ઊંચી અને ૧૪ ફૂટ પહોલી પદ્માસનસ્થ વિશાળ પ્રતિમા પણ દર્શનીય છે.

પહાડની પાછલી બાજુ ઊતરતા ગેટીની પાગ આવે છે જ્યાં એક વિશાળ મંદિર અને બે-ત્રણ નાના મંદિર છે, અને ભગવાનના મૂળ પગલાં ત્યાં છે. કહેવાય છે કે ભગવાન ઋષભદેવે પહેલો પગ અહીં મૂક્યો હતો અને બીજો પગ આદિનાથ ભગવાનની ટૂંકમાં જ્યાં રાયણ પગલા બનાવેલા છે ત્યાં મૂક્યો હતો. ગેટીની પાગથી નીચે ઊતરતાં તળેટીમાં બે નૂતન મંદિર હમણા બનેલા છે, ત્યાંથી રોડ રસ્તે વાહનથી પાલિતાણા લગભગ ૧૫ કિ.મી. છે.

ઉપર ચઢતા સૌ પ્રથમ ધનવસહીની ટૂક આવે છે, જે તળેટીથી ૧૦૦-૧૫૦ પગથિયા જેટલી જ ઉપર છે. એની એક બાજુ પાવાપુરી જલમંદિરની સુંદર પ્રતિકૃતિ બનાવેલી છે. એ ધનવસહી ટૂક (અથવા બાબૂનું મંદિર) ની બાજુમાં નૂતન સમવસરણ મંદિર બનેલું છે. આ મંદિરની ઊંચાઈ ૧૦૮ ફૂટ છે અને ત્રણ ગઢ બનાવેલા છે. સૌથી ઉપર અશોકવૃક્ષ નીચે ભગવાનની ચૌમુખી બિરાજમાન છે. એ સમવસરણ મંદિરની નીચે પોલાણમાં ગોળાકાર મંદિરમાં ૧૦૮ પાર્શ્વનાથ ભગવાન તથા તેની ચારે બાજુ ફરતી

ગોળ ગેલેરીમાં ૧૦૮ તીર્થોના મૂળનાયક સાથે ચિત્રો બનાવેલા છે, અને એ જ ગેલેરીમાં તીર્થોના ચિત્રોની સામે મહાપુરુષો અને સતીઓ વગેરેની કથાઓ ચિત્રોમાં દર્શાવેલી છે.

પાલિતાણા ગામમાં તળેટી પાસેના મુખ્ય મંદિરો–(૧) શ્રી સિદ્ધચક્ર ગણધર મંદિર (૨) શ્રી વર્દ્ધમાન જૈન આગમ મંદિર– વિ.સં.૨૪૬૯માં બનેલું છે. એમાં ચારે બાજુ દિવાલો ઉપર આગમ ઉત્કીર્ણ કરેલા છે. એની નજીક એક જ્ઞાનમંદિર છે જેમાં આગમથી સંબંધિત મહાપુરુષોના જીવનચરિત્રો ચીતરેલા છે. (૩) શ્રી અષ્ટાપદ મંદિર (૪) શ્રી વાસુપૂજ્ય સ્વામી જૈન દેરાસર– વિ.સં. ૨૦૦૭માં બનેલું છે. એમાં કાચનું સુંદર કામ કરેલ છે. 'ગિરિવિહાર ધર્મશાળા'ની પાસે આવેલું છે. (૪) જંબૂદ્વીપ મંદિર–એ મંદિર નવું જ બનેલું છે. એમાં વચ્ચે ચોકમાં સ્કેલ પ્રમાણે જંબૂદ્વીપની રચના બનાવેલ છે જેમાં મેરુપર્વત, મહાવિદેહ ક્ષેત્ર વગેરે બધું બતાવેલ છે. એ ચોકની ચારે બાજુ ગેલેરીમાં ચિત્રો દ્વારા જૈન જ્યોતિષ-વિજ્ઞાન એટલે સૂર્ય-ચંદ્રની ગતિ, પૃથ્વી ગોળ છે કે કેમ? પૃથ્વી ફરે છે કે સૂર્ય? વગેરે વિષયોની સમજણ આપેલ છે અને પ્રચલિત વિજ્ઞાન-પ્રરૂપિત સિદ્ધાંતોની યથાર્થતા સામે પ્રશ્નચિહ્નો કર્યાં છે. સાંજે એ વિષય સંબંધી વિડિઓ ફિલ્મ પણ બતાવવામાં આવે છે અને એ ચોકમાં કરેલ રચનાની પણ સમજૂતી આપવામાં આવે છે. (૬) શ્રી વિશાલસેન જૈન મ્યુઝિયમ–ઘણી પ્રાચીન કલા-કૃતિઓનો સંગ્રહ છે. (૭) શ્રી ગિરિરાજ જૈન યાત્રિક ભવન–આ ધર્મશાળામાં શ્રીમદ્

રાજચંદ્ર મંદિર બનાવેલ છે. એ સિવાય અહીં ઘણા ગામોની ધર્મશાળાઓ છે અને લગભગ બધી ધર્મશાળાઓમાં મંદિરો છે.

અહીં ભોજનશાળાની સંપૂર્ણ વ્યવસ્થા છે. એક સંસ્થાની ભોજન-શાળા છે અને ઘણી ધર્મશાળાઓમાં પણ ભોજનશાળાની સુંદર વ્યવસ્થા છે. પહાડ ઉપર જવા માટે ડોળીની પૂરતી વ્યવસ્થા છે.

સામાન્ય રીતે પહાડ ઉપર ચઢતા બે કલાક, નવ ટૂંક દર્શન કરતા ત્રણ કલાક અને ગેટીની પાગ તરફ ઊતરતા ૦।। કલાક લાગે છે. ગેટીની પાગ તરફ પણ ભાથું અપાય છે, પણ ત્યાંથી પાલિતાણા ગામમાં આવવા માટે વાહનની નિયમિત વ્યવસ્થા નથી. જોકે પાકો રોડ બનેલો છે અને ઊતરવાનું ઓછું છે.

ટ્રેન રસ્તે ભાવનગર જતાં સિહોરથી રસ્તો ફંટાય છે. બ્રોડગેજ લાઈન છે પણ હજી ટ્રેન ચાલુ થઈ નથી

**હસ્તગિરિ :** પાલિતાણાથી ૧૮ કિ.મી. દૂર આ તીર્થ આવેલું છે. પહેલા શેત્રુંજી ડેમ પાસે એ તીર્થ હતું. પણ ડેમ બંધાતા એ તીર્થ પાણીમાં ડૂબી ગયું. પછી એક પહાડી ઉપર આ તીર્થ નવું બનાવેલું છે. ભરત ચક્રવર્તીને અહીંથી મોક્ષ પ્રાપ્ત થયો હતો. એમના હાથીએ અનશન કરી અહીંથી સ્વર્ગગમન કર્યું હતું. તેથી એ સ્થાન હસ્તગિરિના નામે પ્રસિદ્ધ થયું છે. હમણા ૧૪૫ ફૂટ ઊંચું નૂતન મંદિર બન્યું છે, ચારે બાજુ બાવન દેરીઓ છે. વાહન ઠેઠ સુધી જઈ શકે છે. એટલે ડોળી કે ચઢવાનો પ્રશ્ન જ નથી. નીચે તળેટીએ પણ ભવ્ય મંદિર છે અને ભોજનશાળા-ધર્મશાળાની સગવડ છે.

**શેત્રુંજી ડેમ**—પાલિતાણા-તલાજા રોડ પર પાલિતાણાથી ૧૦ કિ.મી. દૂર આ સ્થળ આવેલું છે. શેત્રુંજી નદીથી એ સ્થળ ½કિ.મી. દૂર છે. અહીં રોડ પર જ પાર્શ્વનાથ ભગવાનનું ભવ્ય મંદિર દર્શનીય છે. ધર્મશાળા, ભોજનશાળાની સગવડ છે.

**કદંબગિરિ**—શેત્રુંજી ડેમથી જેસર રોડ પર ભંડારિયાથી ૮ કિ.મી. દૂર એક નાની પહાડી પર આ તીર્થ આવેલું છે. ગત


मंदिरोका सामूहिक दृश्य, कदंबगिरि

ચોવીસીના બીજા તીર્થંકર શ્રી નિર્વાણી પ્રભુના ગણધર કદંબમુનિ અહીંથી મોક્ષે ગયેલા છે. ૩૦-૪૦ મિનિટનો ચઢાવ છે અને ડોળી પણ મળે છે. ઉપર ૪-૫ મંદિર પાસે પાસે જ આવેલા છે. ઉપર જવા માટે કાચો રોડ પણ બની ગયો છે. તળેટીથી ૪ કિ.મી.


सौराष्ट्र विभाग
: स्केल :
१ सेमी. = २६ किमी.
तीर्थ
गांधीधाम
कटारिया
मालिया
मोरबी
वांकानेर
मांडवी
भद्रेसर
नवलखी
ववाणीया
ध्रोल
जामनगर
द्वारका
खंभालिया
कालावड
राजकोट
बामणबोर
सायला
सियाणी
लीमडी
वीरमगाम
अमदावाद
नलसरोवर
बगोदरा
धोलका
मातर
नडीआद
तारापुर
बोरसद
धंधुका
तगडी
धोलेरा
खंभात
बोटाद
बरवाला
कावी
अयोध्या
वल्लभीपुर
ढसा
गोंडल
वीरपुर
जेतपुर
धोराजी
पोरबंदर
गांधार
भावनगर
घोघा
भरूच
सोनगढ
अमरेली
पलिताणा
शेत्रुंजी डेम
जूनागढ
वंथली
बगसरा
सावरकुंडला
कदंबगिरि
तलाजा
माधरोल
केशोद
वीसावदर
जेसर
लोंगडी
शासनगिर
महुवा
सूरत
दाठा
राजुला
प्रभासपटण
वेरावल
कोडीनार
उना
अजारा
नवसारी
दीव
देलवाडा

આગળ જતાં કદંબગિરિ (બોદાનોનાસ) ગામ આવે છે ત્યાં બાવન જિનાલય, ધર્મશાળા અને ભોજનશાળા છે.

**તળાજા (તાલધ્વજગિરિ)**—પાલિતાણાથી ૩૨ કિ.મી. દૂર આ સ્થળ આવેલું છે. નાનો પહાડ છે. ઉપર જવાના બે રસ્તા છે— એક ધર્મશાળાની પાછળથી અને બીજો રસ્તો ખોડિયાર માતાના મંદિરે થઈને. એ રસ્તે ઉપર મંદિરના પાછળા બારણેથી અંદર જવાય છે.




ચઢતાં ૧૫-૨૦ મિનિટ લાગે છે. ડુંગર ઉપર ત્રણ મંદિરો છે જેમાં એક મુખ્ય મંદિર સાચા દેવ શ્રી સુમતિ-નાથનું બાવન જિનાલય છે. આ પ્રતિમાજી વિ.સં. ૧૮૭૨ માં ભૂગર્ભમાંથી પ્રગટ થયા હતા અને ગામમાં ફેલાયેલ રોગચાલો મટી ગયો હતો, માટે આ સાચા દેવ શ્રી સુમતિનાથ તરીકે ઓળખાય છે અને ચમત્કારી ગણાય છે. તેમાં દીવામાંથી કેસરની જ્યોત નીકળે છે એમ કહેવાય છે. એની બાજુમાં પાર્શ્વનાથ ભગવાનનું મંદિર છે. એની પાછળથી ૧૩૦ પગથિયા ચઢતાં ચૌમુખી મંદિર આવે છે જેમાં ઝીક્કી પ્લાસ્ટરમાં આરસની સરસ

ડિઝાઈનો કરેલી છે એટલે મંદિરમાં ચારે બાજુ પ્લાસ્ટર હોવા છતાં આરસના મંદિર જેવું લાગે છે. ગામમાં બે મોટા મંદિરો છે જે ધર્મશાળા ભોજનશાળાની પાસે જ આવેલા છે.

**ઘોઘા :** ભાવનગરથી ૧૯ કિ.મી. દૂર ઘોઘા બંદર પાસે આ તીર્થ આવેલું છે. બારમી સદી પૂર્વેનું નવખંડા પાર્શ્વનાથ ભગવાનનું સુંદર મંદિર છે. મૂર્તિ વડવા ગામમાં કૂવામાંથી નીકળી હતી. મુસલમાનોના વખતમાં મંદિરો તથા પ્રતિમાઓનું ખંડન કરવામાં આવેલું, ત્યારે આ પ્રતિમાના નવ ટુકડા થઈ ગયા હતા. પછી અધિષ્ઠાયક દેવની કૃપાથી મૂર્તિ અખંડ થઈ ગઈ. પણ નવ જગ્યાએ નિશાન રહી ગયા, માટે નવખંડા પાર્શ્વનાથ તરીકે ઓળખાય છે. અહીં બીજા ચાર મંદિર અને ગામમાં બે મંદિર છે. ધર્મશાળા ભોજનશાળાની સગવડ છે.




**દાઠા :** તળાજાથી મહુવા જતાં ૮ કિ.મી. અંદર આ તીર્થ આવેલું છે. અહીં એક કાચનું ભવ્ય મંદિર છે. મંદિર ૧૫૦ વર્ષ જૂનું છે અને કાચનું કામ લગભગ ૩૫ વર્ષ જૂનું છે. મૂળનાયક શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિમા સમુદ્રમાંથી નીકળેલ છે. તીર્થ બહુ પ્રાચીન છે અને પાલીતાણાની પંચતીર્થીમાં ગણાય છે. મંદિરની

અંદર અને બહાર કાચના સુંદર પટો બનાવેલા છે, જેમાં ભગવાનના પંચકલ્યાણક, સંપ્રતિરાજાનું ચરિત્ર, કુમારપાલ રાજાનું ચરિત્ર, દાનવીર જગડૂશા, કામવિજેતા સ્થૂળિભદ્ર, શ્રીપાળરાજા, કર્મપ્રકૃતિ વગેરેના સુંદર ચિત્રો આલેખેલા છે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે. અહીંથી સમુદ્રકિનારો ૭ કિ.મી. દૂર છે.

**મહુવા :** તલાજાથી આ તીર્થ ૪૫ કિ.મી. દૂર છે. શત્રુંજયની પંચતીર્થીમાં એની ગણના થાય છે. ધર્મશાળાથી એક ફર્લાંગ દૂર એક જ ચોકમાં ૩-૪ મંદિરો આવેલા છે. મુખ્ય મંદિર 'જીવિતસ્વામી શ્રી મહાવીર ભગવાન'નું છે. એ મૂર્તિ ભગવાનના ભાઈ નંદીવર્ધને ભગવાનની હયાતીમાં જ ભરાવેલી એમ કહેવાય છે. મૂર્તિ બહુ જ



સુંદર છે અને કોતરણી કામ પણ સુંદર છે. સં. ૧૦૮ માં શત્રુંજયનો તેરમો ઉદ્ધાર કરાવનાર શેઠ જાવડશાહ અહીંના જ હતા અને દાનવીર જગડૂશા જેમણે સવા કરોડ સોનામહોરની ઉછામણી બોલીને તીર્થમાળા પહેરી હતી તેમની અને જૈનધર્મોદ્ધારક શ્રી વિજયનેમિસૂરીશ્વરજીની પણ એ જન્મભૂમિ છે. એ સૌરાષ્ટ્રનું નંદનવન કહેવાય છે. ભોજનશાળાની સગવડ પણ છે.

**અજારા (અજાહરા) :** મહુવાથી ઊના આવતા ઊનાથી પાંચ કિ.મી. પહેલા ૧૦ કિ.મી. અંદર આ તીર્થ આવેલું છે. અહીં એક જ મંદિર છે, પણ મૂર્તિ બહુ જ પ્રાચીન છે. મૂર્તિ વેલુની બનાવેલી છે અને એના પર વિલેપન કરેલું છે. કહેવાય છે કે એ મૂર્તિ ૧૬ લાખ વર્ષો સુધી દેવલોકમાં પૂજાયેલી છે. ત્યાં એક વિશાલ ઘંટ ૩૦૦-૪૦૦ વર્ષ જૂનો છે. જૂના જમાનામાં એ નગર બહુ સમૃદ્ધ હતું. વર્તમાન ચોવીશીના વીસમા તીર્થંકરના સમયમાં રઘુવંશના વીર પ્રતાપી અજયપાલ રાજાએ એ નગર વસાવેલું. એ રાજાને કેટલાય રોગ થયા હતા અને એ મૂર્તિના ન્હવણજલથી તેના રોગ મટી ગયા હતા. એથી એ તીર્થનું નામ 'અજાહરા' તરીકે પ્રસિદ્ધ થયું છે. આજે

श्री पार्श्वप्रभु मंदिर प्रवेशद्वार, अजारा



એ એક નાનું ગામડું છે અને જૈનોની વસ્તી નહીંવત્ છે. ધર્મશાળા ભોજનશાળાની સગવડ છે.

**ઊના**–આ તીર્થ સંપ્રતિ રાજાના વખતનું છે. પ્રાચીન નામ ઉન્નતપુર હતું. અકબર-પ્રતિબોધક શ્રી હીરવિજયસૂરીનો દેહત્યાગ અહીં થયેલો છે. તેમની સ્મૃતિમાં તેમના અગ્નિસંસ્કાર સ્થળે અર્ધો માઈલ દૂર શાહીબાગમાં દેરીઓ બનાવેલ છે. ગામમાં એક જ ચોકમાં પાંચ મંદિરો છે, તેમાં એક મુખ્ય મંદિર મોટું છે જેના ભોંયરામાં અમીઝરા પાર્શ્વનાથની સુંદર મૂર્તિ વિરાજિત છે. મૂર્તિઓ બધી પ્રાચીન છે. અહીં ધર્મશાળા છે, ભોજનશાળા નથી. હમણા ગામની ઉત્તર દિશાએ તુલસીશ્યામ નામનું એક પર્યટન સ્થળ વિકસ્યું છે.

**દેલવાડા**–ઊનાથી પાંચ કિ.મી. દૂર દેલવાડા ગામમાં આ તીર્થ આવેલું છે. અજારાની પંચતીર્થીમાં આ તીર્થ ગણાય છે. આ સ્થાન બહુ પ્રાચીન છે. વિ.સં.૧૭૩૪માં આ મંદિરનો જીર્ણોદ્ધાર થયાનો ઉલ્લેખ મળે છે. વર્તમાનમાં અહીં એક નાનું ધાબાબંદી મંદિર છે. ધર્મશાળા કે ભોજનશાળા નથી.

**દીવ**–દેલવાડાથી ૮ કિ.મી. અને ઊનાથી ૧૫ કિ.મી. દૂર આ સ્થળ આવેલું છે. ચારે બાજુ દરિયો છે અને વચ્ચે દ્વીપમાં આ સ્થળ આવેલું હોવાથી બહુ રમણીય જગ્યા છે. એક ઉલ્લેખ અનુસાર કોઈ વખતે પ્રભુનો મુકુટ, હાર અને આંગી નવ-નવ લાખના બનાવ્યા હતા એટલે અહીંનું મંદિર નવલખા પાર્શ્વનાથના નામે પ્રસિદ્ધ થયું છે. કુમારપાળ રાજાએ અહીં આદિનાથ ભગવાનનું મંદિર બંધાવેલું

એવો ઉલ્લેખ મળે છે. હાલમાં અહીં નાનું મંદિર અને નાની ધર્મ-શાળા છે, ભોજનશાળા નથી.

**ચંદ્રપ્રભાસપાટણ (સોમનાથ)** : સમુદ્ર કિનારે વિખ્યાત સોમનાથ મહાદેવનું મંદિર છે. પુરાતન કાળમાં એ મંદિર જર-જવેરાતથી બહુ સમૃદ્ધ હતું. મુહમ્મદ ગિજનીએ સં.૧૦૨૪માં એ મંદિર લૂટ્યું. પછી કુમારપાળ રાજાએ શ્રી હેમચંદ્રાચાર્યના આદેશથી એનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. પછી મુસ્લિમ કાળમાં ફરીથી એનો ભંગ થયો. હમણા વિ.સં. ૨૦૦૭માં એનો છેલ્લો જીર્ણોદ્ધાર ભારત સરકાર તરફથી થયો હતો. દરિયાકાંઠે હોવાથી એની શોભા અનેરી છે. શિલ્પની દૃષ્ટિએ પણ સુંદર છે. શિલ્પકળા જોતાં પૂર્વે એ જૈનમંદિર જ હશે એમ લાગે છે. આજે એ શૈવમંદિર છે અને શિવ-લિંગ અને પાર્વતીની મૂર્તિ સ્થાપિત થયેલી છે.

એ સોમનાથ મંદિરથી લગભગ ૧ કિ.મી. દૂર જૈન ધર્મશાળા અને મંદિરો આવેલા છે. આ તીર્થ ભરત ચક્રવર્તી દ્વારા સ્થાપિત થયેલું માનવામાં આવે છે. ભરત ચક્રવર્તી શત્રુંજય તીર્થનો ઉદ્ધાર કરાવી સંઘ કાઢતી વખતે અહીં સરસ્વતી નદીના કિનારે રોકાયા હતા ત્યારે અહીંના જંગલમાં અનેક મુનિઓ ઘોર તપસ્યા કરતા હતા. તેમણે બાહુબલીના પુત્ર સોમયશા સાથે વાત કરતા જણાવ્યું કે આ સરસ્વતી નદીની પાસેના ચંદ્રોદ્યાનમાં આઠમા તીર્થંકર શ્રી ચંદ્રપ્રભુનું સમવસરણ રચવામાં આવશે. એવી હકીકત ધરણેંદ્ર પાસેથી સાંભળી અમે આ પવિત્ર સ્થળમાં તપસ્યા કરીએ છીએ. તે

વાત સાંભળી ભરત ચક્રવર્તીએ અહીં નગર વસાવી ચંદ્રપ્રભુનું મંદિર બંધાવ્યું હતું. તે પછી અનેક ચક્રવર્તીઓ અને રાજાઓ વગેરેએ અહીંની યાત્રા કરી છે. સં.૨૦૦૮માં એક નૂતનં મંદિર નિર્મિત થયેલું છે, જેનું નામ 'શ્રી ગજેન્દ્રપ્રાસાદ' છે. એ મંદિર ખરેખર જોવા જેવું છે. બહુ જ વિશાલ મંદિર છે અને ભોંયરામાં તામ્રપત્ર ઉપર આગમો ઉત્કીર્ણ કરેલા છે. અહીં પ્રાચીન મંદિર તો હતું જ, પણ ભગવાનની સ્થાપના અશુદ્ધ દિશામાં હોવાથી આ નૂતન મંદિર બનાવવામાં આવેલ છે. બાજુમાં જ બીજા ૪-૫ મંદિરો, ધર્મશાળા અને ભોજનશાળા આવેલ છે. પૂર્વે કુમારપાળ રાજાએ અહીં વિશાલ મંદિર બંધાવેલું, પણ આજે એનું નામનિશાન પણ નથી. એનું પ્રાચીન નામ 'દેવપત્તન' 'ચંદ્રપ્રભાસપાટણ' વગેરે છે. વેરાવલ રેલવે સ્ટેશનથી એ સ્થળ ૮ કિ.મી. દૂર છે. મંદિરો ગળીમાં હોવાથી મોટું વાહન જઈ શકતું નથી.

**વંથલી (વામસ્થળી)**–વેરાવલ-જૂનાગઢ માર્ગ પર જૂનાગઢથી ૧૫ કિ.મી. પહેલા વંથલી ગામમાં આઝાદ ચોકમાં એ સ્થળ આવેલું છે.

આ સ્થળ પૂર્વે બહુ જાહોજલાલીવાળું હતું. અહીંના જૈનધર્મના ચુસ્ત શ્રાવકો દ્વારા ધર્મ પ્રભાવના અને ઉત્થાનના ઘણા કાર્યો થયેલા છે. અહીંના વતની સજ્જનમંત્રીએ પોતાના રાજા સિદ્ધરાજ જયર્સિ સહને પૂછ્યા વગર સોરઠની કરોડોની ઉપજ ગિરનારના મંદિરના જીર્ણોદ્ધારમાં વાપરી દીધી. પછી એને રાજાનો ભય લાગ્યો, એટલે વંથલીના મહાજનો પાસે પોતાની મુશ્કેલી વર્ણવી. એટલે ત્યાંના

સાકરીયા શેઠે બધી રકમ રાજ્યભંડારમાં ભરપાઈ કરવાની કબૂલાત આપી, જેથી મંત્રીને એ બાબતની નિશ્ચિંતતા થઈ. રાજાએ જ્યારે એ મંદિરોના દર્શન કર્યા ત્યારે ખુશ થઈ બધો ખર્ચ મંજૂર રાખ્યો. એટલે સાકરીયા શેઠે એ રકમનો રત્નોનો હાર કરાવી ભગવાન નેમિનાથને કંઠારોપણ કર્યો. એ સાકરીયા શેઠે અહીં પણ જૈનમંદિર બનાવેલ છે. શત્રુંજય ઉપર સવાસોમાની ટૂક છે જે અહીંના સવચંદ શેઠે બનાવેલી છે. હાલ ગામમાં એક જ મંદિર છે, શ્રી શીતળનાથ ભગવાનના વિલેપનવાળા પ્રતિમાજી મૂળનાયક છે. વિ.સં. ૧૯૫૬ના દુષ્કાળ વખતે કૂવો ખોદતાં આ પ્રતિમાજી પ્રગટ થયેલા છે. સં.૧૯૭૧ માં એક જ ધણીએ આ મંદિર બનાવેલું છે. મૂર્તિ સંપ્રતિરાજાના વખતની હોવાની કહેવાય છે. મુખ્ય મંદિરની બાજુમાં એક નાનું મંદિર છે તેમાં શ્રી ચંદ્રપ્રભુ અને શ્રી પદ્મપ્રભુ આ બે પ્રતિમાજી પણ દરવાજાનો પાયો ખોદતાં પ્રગટ થયેલા છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે. મોટું વાહન જઈ શકતું નથી.

**જૂનાગઢ (ગિરનાર)** – જૂનાગઢથી ગિરનાર તળેટી ૬ કિ.મી. દૂર છે. જૂનાગઢ ગામમાં જગમાલ ચોકમાં ધર્મશાળા-ભોજનશાળાની સુવિધા છે. તળેટી પર નૂતન ધર્મશાળા તથા ભોજનશાળાની સુવિધા ઉપલબ્ધ છે. વેરાવલ જતી ટ્રેનો જૂનાગઢ જાય છે.

એક દંતકથા અનુસાર નેમિનાથ ભગવાનની મૂર્તિ ગત ચોવીશીના શ્રી સાગર તીર્થંકરના ઉપદેશથી પાંચમા દેવલોકના ઇંદ્રે ઘડાવી હતી અને તે મૂર્તિ શ્રી નેમિનાથ ભગવાનના સમય સુધી

ઇંદ્રલોકમાં રહી. પછી તે મૂર્તિ શ્રીકૃષ્ણના ગૃહમંદિરમાં આવી અને જ્યારે દ્વારિકા ભસ્મ થઈ ત્યારે અંબિકા દેવીએ તે મૂર્તિ સુરક્ષિત રાખી. પછી શ્રી રત્નાશાહની તપસ્યા-ભક્તિથી પ્રસન્ન થઈ તેને આપી એટલે સં. ૬૦૯માં જીર્ણોદ્ધાર વખતે પ્રતિષ્ઠિત કરવામાં આવી, જે આજે પણ હયાત છે. પૂર્વ કાળમાં અનેક મુનિઓ અહીંથી મોક્ષે ગયા છે અને ભાવી ચોવીશીના વીસ તીર્થંકર અહીંથી મોક્ષે જશે એમ કહેવાય છે. પ્રાચીન કાળમાં આ તીર્થ રૈવતાચલ, રૈવતગિરિ, ઉજ્જયંતગિરિ વગેરે નામોથી ઓળખાતું હતું.

ગિરનાર તીર્થ સુંદર સુરમ્ય નૈસર્ગિક વાતાવરણથી ઘેરાયેલું છે. તળેટીથી લગભગ ૪૨૦૦ પગથિયા ચઢ્યા પછી મુખ્ય નેમિનાથ ભગવાનની ટૂક આવે છે. લગભગ ૨-૩૦ કલાકનો રસ્તો છે. ત્યાં એક જ ચોગાનમાં ૪-૫ મંદિરો આવેલા છે અને બહાર ત્રણ મંદિરો આવેલા છે. સંપ્રતિરાજાની ટૂક, કુમારપાલ મહારાજાની ટૂક,



સગરામ સોનીની ટૂક, વસ્તુપાલ તેજપાલની ટૂક વગેરે પાસે-પાસે જ આવેલી છે. મુખ્ય મંદિરમાં નેમિનાથ ભગવાનની કાળા પાષાણની પ્રતિમા બહુ જ રમણીય છે. એની ચારે બાજુ ફરતી દેરીઓ છે તેમાં એક મોટી દેરીમાં ભોંયરામાં અમીઝરા પાર્શ્વનાથની મૂર્તિ બહુ જ સુંદર છે. સગરામ સોનીની ટૂક નવી મોડેલની છે. એમાં ગભારું બહુ મોટું છે અને ગભારામાં જ ભગવાનની ઉપર શિખર બનાવેલું છે તથા બહાર પણ મોટું શિખર બનાવેલું છે. આમ બેવડા શિખર બીજે ક્યાંય ખાસ જોવા મળતા નથી. વસ્તુપાલ તેજપાલની ટૂંકમાં એક બાજુ સમવસરણ અને બીજી બાજુ મેરુપર્વતની સુંદર રચના કરેલી છે. એ સિવાય એક દિગંબર મંદિર પણ છે. ત્યાં નેમિનાથ ભગવાનની દિગંબર મૂર્તિ બહુ સુંદર છે. એની બાજુમાં રાજુલની ગુફા છે જ્યાં રાજુલે પોતાની નગ્નાવસ્થાથી મોહિત થયેલ પોતાના દિયેર સાધુ રહનેમિને પ્રતિબોધી ધર્મમાં સ્થિર કર્યા હતા.

નેમિનાથ ભગવાનની ટૂકથી આગળ જતા રથનેમિનું મંદિર આવે છે જ્યાંથી રથનેમિ તપશ્ચર્યા કરી મોક્ષે પધાર્યા હતા. પછી આગળ અંબાજીની ટૂંક આવે છે જે નેમિનાથ ભગવાનની અધિષ્ઠાયિકા દેવી ગણાય છે. પછી આગળ ત્રણ પહાડ ઓળંઘ્યા પછી પાંચમી ટૂક આવે છે, જ્યાંથી ભગવાન નેમિનાથ મોક્ષે પધાર્યા હતા. એ સ્થળ આજે દત્તાત્રયની ટૂકના નામે ઓળખાય છે. મુખ્ય ટૂકથી એ સ્થળ ૩૫૦૦ પગથિયા જેટલું દૂર છે, અને જતાં દોઢ કલાક લાગે છે.

નેમિનાથ ભગવાનની ટૂકથી થોડા આગળ જતા ગોમુખી ગંગાથી એક રસ્તો સહસ્રામ્રવન (શેષાવન) તરફ જાય છે. ત્યાં લગભગ ૧૫૦૦ પગથિયા ઊતરતાં નેમિનાથ ભગવાનના દીક્ષા અને કેવળજ્ઞાન કલ્યાણકના સ્થળ આવે છે. ત્યાં હાલમાં સુંદર સમવસરણ મંદિર બનાવવામાં આવ્યું છે. ત્યાંથી સહેજ આગળ જતાં ભગવાનના દીક્ષા અને કેવળજ્ઞાનના મૂળ સ્થળ પર પગલાંની સ્થાપના છે. ત્યાંથી ચાલતા તળેટી આવી શકાય છે.

ગિરનાર પહાડ ઉપર ધર્મશાળાની સામાન્ય સગવડ છે એટલે વધારે માણસો સમાઈ શકે નહીં. ભોજનશાળાની સગવડ નથી. હોટલોમાં ખાવાનું મોંઘું અને અસ્વચ્છ મળે છે, માટે આપણે આપણી વ્યવસ્થા સાથે રાખવી જોઈએ. ડોળીની વ્યવસ્થા છે, પણ ચઢાવ અઘરો હોવાથી બહુ મોંઘી છે.

તળેટીમાં જૂની ધર્મશાળા પાસે એક નાનકડું શ્વેતાંબર મંદિર છે અને નજીકમાં દિગંબર મંદિર પણ છે.

જૂનાગઢ કિલામાં બાવડી, રાનવઘણનો કૂવો, કીર્તિસ્તંભ વગેરે દર્શનીય છે અને રસ્તામાં રંગમહલ, સખેરબાગ, કૃષ્ણમંદિર, રાજેશ્વરીમૂર્તિ વગેરે દર્શનીય છે.

**જામનગર (નવાનગર)**—જામનગર શહેરની બહાર સ્મશાન છે જે જોવા જેવું છે. અહીં ઘણા સંત-મહાત્માઓના પૂતળાઓ, જીવંત લાગે એમ મૂકેલા છે. જેમકે ઝાંસીવાળી રાણી લક્ષ્મીબાઈનું પૂતળું મૂક્યું છે તો તે ઘોડા પર બેસીને લડાઈમાં જઈ રહી છે, પૃષ્ઠભૂમિમાં

કિલ્લો બતાવ્યો છે. મોઢાના હાવભાવ વાસ્તવિકતા દર્શાવે એવા છે. રામ અને શબરી, સીતાની અગ્નિ પરીક્ષા, શ્રીમદ્ રાજચંદ્ર, શ્રી હેમચંદ્રાચાર્ય વગેરે ઘણા મહાત્માઓના પૂતળાં છે. નીચે સુવાક્યો પણ લખેલાં છે. શ્રીમદ્ રાજચંદ્રની મૂર્તિ નીચે આ પ્રમાણે લખાણ છે :

"પુણ્ય કર્મના સમુચ્ચયે, મળ્યો મનુષ્ય અવતાર,
સમજો, તો સમજો મળ્યું, સુલભ મુક્તિનું દ્વાર,
ના સમજો તો ચહું દિશે, ઘોર ઘોર અંધાર,
અટક્યાં વણ ભટક્યા કરો, આવે નહીં કંઈ પાર."

એક સંસારચક્રનું દૃશ્ય પણ મૂકેલું છે જેમાં જન્મથી મરણ સુધીના પ્રસંગો સુંદર રીતે બતાવેલા છે. મહાત્માઓના પૂતળાંઓ મૂકવા પાછળ એમ આશય સમજાય છે કે આવા મોટા મહાત્મા પુરુષો પણ પોતાનો પાર્થિવ દેહ છોડી ચાલ્યા ગયા, તો આપણે સ્વજનના મરણનો શોક શા માટે કરવો જોઈએ? અને આપણો પોતાનો દેહ પણ નશ્વર જ છે. સ્મશાન જોવાનો સમય સવારે ૮ થી ૧ અને સાંજે ૩ થી ૫ છે.

મહાલક્ષ્મી ચૌકમાં શ્રી નેમિનાથ ભગવાનનું મંદિર અતિ પ્રાચીન ગણાય છે. આ જીવિત પ્રતિમા શ્રીકૃષ્ણના ભાઈ બળદેવ દ્વારા તેમના ઘરમંદિરમાં પૂજાતી હતી. અનુક્રમે દ્વારિકાનગરી ધ્વસ્ત થતાં સમુદ્રમાં દેવો દ્વારા પૂજાતી હતી. શ્રી મુહણસિંહ શેઠ દ્વારિકાથી જળમાર્ગે આવતા સમુદ્રમાં એમના વહાણથી ભટકાઈને આ પ્રતિમા પ્રગટ થઈ અને ઘરમંદિરના આકારનું મંદિર બંધાવી વિ.સં.

૧૬૪૮માં પ્રતિષ્ઠા કરી. અન્ય મંદિરોમાં વિ.સં.૧૬૧૬ માં નિર્મિત શ્રી શાંતિનાથ ભગવાનનું મંદિર અને વિ.સં.૧૬૨૪ માં નિર્મિત ચૌરીવાળું દેરાસર ખૂબ જ વિશાળ અને કલાત્મક બાવન જિનાલય મંદિર છે. આ બધા મંદિરો સ્મશાનથી ૨-૩ કિલોમીટરના અંતરે એક જ ચોકમાં આવેલા છે. જામનગર અર્ધ-શત્રુંજય સમાન કહેવાય છે. આવા વિશાલ મંદિરો તો શત્રુંજય પર પણ નહીં હોય? એક એક મંદિરમાં ઉપર નીચે દર્શન કરતાં ઓછામાં ઓછો અર્ધો કલાક નીકળી જાય છે. મૂર્તિઓ પણ ભવ્ય છે. રંગનું કામ પણ ગજબનું છે. એક મંદિરમાં તો મહાવીર ભગવાનના બધા ભવો, પંચ કલ્યાણક, લોકપુરુષ વગેરે ચિત્રો ચીતરેલા છે. એ સિવાય ૧-૨ કિ.મી.ના અંતરે બીજા ૭-૮ મંદિરો પણ છે. એક કાનજીસ્વામીના સંપ્રદાયનું દિગંબર મંદિર નજીક જ છે. ભોજનશાળા પણ પાસે જ છે. જામનગરમાં જ્ઞાનમંદિર, સૂર્યમંદિર વગેરે જોવાલાયક છે.

**રાજકોટ**—માંડવીની પોળમાં જૈન ધર્મશાળા, ભોજનશાળા તથા મંદિર છે. વાહન જઈ શકતું નથી. રાજકોટથી સિયાણી તરફ જતા વચ્ચે રોડ પર જ ડોળીયા (સાયલાથી પાંચ કિમી. પહેલા) આવે છે જ્યાં ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

**સિયાણી**—આ તીર્થ અતિ પ્રાચીન છે. કહેવાય છે કે શાંતિનાથ ભગવાનની પ્રતિમા સંપ્રતિ રાજા દ્વારા પ્રતિષ્ઠિત થયેલી છે. પ્રથમ જીર્ણોદ્ધાર વિ.સં. ૧૦૭૬માં થયાનો ઉલ્લેખ છે. લીમડીથી ૧૩ કિ. મી. દૂર આ તીર્થ આવેલું છે. ધર્મશાળા ભોજનશાળાની સગવડ છે.

## બે તીર્થો વચ્ચે અંતર બતાવતું પત્રક

અમદાવાદથી માતર ૪૫; (વડોદરાથી માતર ૬૪); • થી ખંભાત ૪૨; • થી ધોળકા ૭૪; • થી વટામણ ચોકડી તીર્થ ૨૨; • થી તગડી ૯૮; • થી અયોધ્યાપુરમ્ ૪૦; • થી વલ્લભીપુર ૬; • થી સોનગઢ ૩૪; • થી કીર્તિધામ ૬; • થી પાલીતાણા ૧૮; • થી હસ્તગિરિ ૨૮; • થી પાલીતાણા ૨૮; • થી શેત્રુંજી ડેમ ૧૨; • થી કદંબગિરિ ૧૯; • થી તલાજા ૪૦; (ભાવનગરથી ઘોઘા ૨૫); તલાજાથી દાઠા ૨૭; • થી મહુવા ૨૪; • થી અજારા ૯૩; • થી ઊના ૬; • થી સોમનાથ ૮૦; • થી પ્રભાસ પાટણ ૨; • થી વંથલી ૭૪; • થી ગિરનાર તળેટી ૨૨; • થી જામનગર ૧૪૪; • થી રાજકોટ ૯૦; • થી ડોળીયા (હાઈવે પર નવું તીર્થ) ૮૦; • થી સિયાણી (વાયા લીંમડી) ૬૦; • થી અમદાવાદ ૧૪૦

**અન્ય માહિતી :** પાલિતાણાથી તલાજા ૪૦, જૂનાગઢથી રાજકોટ ૧૦૦; ગેટીની પાગથી પાલિતાણા ૧૨; પાલિતાણાથી ગિરનાર (વાયા અમરેલી, જેતપુર) ૨૩૦, સાયલાથી ધોળકા ૯૦, અમદાવાદથી પાલીતાણા ૫૦; પાલીતાણાથી રાજકોટ ૧૭૦


कच्छ विभाग
: स्केल :
१ सेमी. = १२ किमी.
★ तीर्थ
नारायण सरोवर
बरंदा
नखत्राणा
पार्श्ववल्लभ इंद्रधाम
देशलपुर
भुज
नलिया
जखौ
तेरा
कोठारा
सुथरी
मंगवाणा
गढसीसा
बहत्तर जिनालय
बीदडा
नानी खाखर
मोटी खाखर
भुजपुर
मांडवी
मुंद्रा
वांकी
भद्रेसर
अंजार
भचाउ
कटारीया
राधनपुर
गांधीधाम
कंडला
मालिया
नवलखी
मोरबी

# ૩. કચ્છ વિભાગ

કચ્છ જિલ્લામાં અંદાજે ૨૦૪ જિનાલયો છે. કેટલાક જિનાલયો બહુ જ પ્રાચીન છે. કાળક્રમે પ્રતિકૂળ વાતાવરણને લઈને અહીંથી ઘણી વસ્તીનું સ્થળાંતર થઈ ગયું છે એટલે ઘણા તીર્થસ્થાનો જીર્ણ થઈ ગયા છે. માંડવી તાલુકાના નાગલપુર ગામે જૈન ધર્મનું શિક્ષણ આપતી તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ છે. કોડાય ગામમાં વિશાલ ગ્રંથભંડાર છે. કચ્છમાં ઉત્તર-પશ્ચિમે નારાયણ સરોવર, કોટેશ્વર મહાદેવનું મંદિર, માતાનો મઢ વગેરે દર્શનીય સ્થળો છે.

કચ્છની યાત્રા માટે એકદમ સુગમ રસ્તો એ છે કે ગમે ત્યાંથી ટ્રેન દ્વારા ગાંધીધામ જવું. ત્યાંથી વાહન ભાડે કરી કચ્છની નાની પંચતીર્થી (મુદ્રા, બિદડા, માંડવી, ભુજપુર, નાની ખાખર) અને મોટી પંચતીર્થી (સુથરી, કોઠારા, નળિયા, તેરા, જખૌ) અને તે સિવાય ઘણા મંદિરો વચ્ચે આવે છે (ત્યાંની ગાડીનો ડ્રાયવર બધું જાણતો જ હોય છે.) તે દર્શન કરતાં ભુજ જઈ ત્યાંથી ટ્રેન પકડી પોતાને ગામે જવું. આ પૂરી યાત્રા બે થી ત્રણ દિવસમાં થઈ જાય છે. ભદ્રેસર સિવાયના બીજા મંદિરો બહુ પ્રાચીન નથી, પણ એક-એકથી ચઢિયાતા અને દર્શનીય છે.

**કટારિયા**—રાજકોટથી ભુજ જતાં સામખીરીઆ પછી ૧૦ કિ.મી. પછી કટારિયા માટે રસ્તો ફંટાય છે. આનો ઇતિહાસ ૭૦૦ વર્ષ જૂનો છે. કહેવાય છે કે અહીં દાનવીર જગડૂશાહનો મહેલ હતો. હાલમાં અહીં એક જ મંદિર છે, જે કોઈ મકાનનો પાયો ખોદતી

વખતે મળી આવ્યું હતું. પુરાતત્ત્વ વિભાગના લોકો એને ૫૦૦ વર્ષ જૂનું માને છે. પછી ઈ.સ.૨૦૦૧ માં કચ્છના ભૂકંપ વખતે મંદિરને બહુ ક્ષતિ પહોંચી. પણ હવે ફરીથી જીર્ણોદ્ધાર થઈ ગયો છે અને ધર્મશાળા, ભોજનશાળાની સગવડ થઈ ગઈ છે.




**ભદ્રેસર :** આનું પ્રાચીન નામ ભદ્રાવતી છે. ભગવાન મહાવીરના નિર્વાણના ૨૩ વર્ષ પછી આ તીર્થનું શિલારોપણ થયેલું છે એવા પ્રાચીન તામ્રપત્ર મળેલ છે. કપિલ કેવળીના હાથે પાર્શ્વનાથ ભગવાનની પ્રતિષ્ઠા થયેલ છે, અને તે પ્રસંગે અહીંના નિવાસી અખંડ બ્રહ્મચારી વિજય શેઠ અને વિજયા શેઠાણીએ દીક્ષા લીધી હતી. તેરમી સદીમાં દાનવીર જગડૂશાહ અહીં જન્મ્યા હતા. હાલમાં અહીં એક જ મંદિર છે જે અઢી લાખ ચોરસ ફૂટમાં વિસ્તરેલું છે. હાલમાં મૂળનાયક મહાવીર સ્વામી છે. ઈ.સ. ૨૦૦૧માં કચ્છના ભૂકંપ પછી આખું મંદિર પાયાથી નવનિર્મિત થયેલ છે. ધર્મશાળા ભોજનશાળાની પૂરી સગવડ છે. ગાંધીધામથી ૩૫ કિ.મી. દૂર અને સમુદ્રથી ૨-૩ કિ.મી. દૂર એક ગોકુળિયા ગામ જેવું છે. ભદ્રેસરથી ૧૦ કિ.મી. દૂર વાંકી ગામમાં પણ જૈનમંદિર છે અને ધર્મશાળા-ભોજનશાળાની સુંદર સગવડ છે.

**મુંદ્રા :-** કચ્છનું પારીસ કહેવાય છે. ચાર સુંદર મંદિર પાસે-પાસે જ આવેલા છે. ગામની બહાર એક અમીઝરા પાર્શ્વનાથનું મંદિર એક યતિએ ત્રણ લાખ કોરી ખર્ચીને બંધાવેલું છે.

**ભુજપુર :-** અહીં બે મંદિર છે. જૂના મંદિરમાં સૂક્ષ્મ અને સુંદર કોતરણી કરેલી છે. નવું મંદિર વિશાળ અને દર્શનીય છે. પાસે-પાસે જ છે.

**મોટી ખાખર :-** એક મંદિર છે.

**નાની ખાખર :-** એક સુંદર મંદિર છે, જૈન ગ્રંથાલય પણ છે.

**બિદડા :-** એક જ મંદિર છે, પણ કલાપૂર્ણ, કોતરણીવાળું અને દર્શનીય છે. બહુ વિશાળ ચોગાનમાં મંદિર આવેલું છે. અહીં શ્રી સર્વોદય ટ્રસ્ટ સંચાલિત આરોગ્યધામ હોસ્પિટલ છે જ્યાં અત્યંત સુંદર વ્યવસ્થા સાથે આરોગ્યને લગતા રાહત કાર્યો થાય છે.

**બોંતેર જિનાલય :-** બિદડા ગામની બહાર આ નવું વિશાલ મંદિર બન્યું છે. ઘણા લોકો અહીં જ રાત્રિરોકાણ કરે છે. ધર્મશાળા-ભોજનશાળાની અદ્યતન સુવિધા છે. ભદ્રેસરથી માંડવી જતા મેઈન રોડ ઉપર એ સ્થળ આવે છે.

**જૈન આશ્રમ :-** એ માંડવી શહેરની બહાર મેઈન રોડ પર છે. વૃદ્ધાશ્રમ છે. કચ્છી આગેવાનોએ અને દાનવીરોએ પોતાના સમાજના વૃદ્ધો માટે આ આશ્રમ ઊભું કર્યું છે. અહીં એક મંદિર પણ છે. હવે તો ઘણી જગ્યાએ વૃદ્ધાશ્રમો થઈ ગયા છે.

**માંડવી :-** એ કચ્છનું મુખ્ય બંદર અને શહેર છે. દરવાજા બહાર વાહન ઊભું રાખી ચાલતા જવું પડે છે. લગભગ ૧ ફર્લાંગ

દૂર ૩-૪ મંદિરો બાજુ-બાજુમાં આવેલા છે. મંદિરો ભવ્ય અને સુંદર છે. એક મંદિર દરિયા કિનારે પણ આવેલું છે.

માંડવીથી ૧૮ કિ.મી. દૂર **ડોણ** ગામમાં એક ભવ્ય કાચનું મંદિર દર્શનીય છે. ભોજનશાળા પણ છે. ત્યાંથી ૧૮ કિ.મી. દૂર (વાયા લાયજા) **દેઢીયા**માં ગુણ પાર્શ્વનાથ તીર્થ બન્યું છે જ્યાં પાર્શ્વનાથ ભગવાનની ૧૪૧ ઇંચની કાયોત્સર્ગ મુદ્રાની પ્રતિમા પ્રતિષ્ઠિત કરેલી છે અને સમેતશિખરજીનું આખું પથ્થરનું મોડલ બનાવ્યું છે જે દર્શનીય છે. ધર્મશાળા-ભોજનશાળાની સુવિધા છે.

**સુથરી :-** વિ.સં.૧૮૯૫માં ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ પ્રભુની પ્રતિષ્ઠા થયેલ છે. મંદિરના શિખરની કળા બહુ આકર્ષક છે. પ્રતિમા બહુ ચમત્કારી મનાય છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે. વાહન છેક સુધી જાય છે. અહીંની સૂક્ષ્મ કારીગરી દેલવાડાને પણ ટપી જાય એવી છે. પ્રતિષ્ઠા સમયે એક જ વાસણમાં ઘી ભરેલું, જે સ્વામિવાત્સલ્ય માટે વાપરવા છતાં ખૂટ્યું નહીં, એથી ઘૃતકલ્લોલ પાર્શ્વનાથ નામ પ્રખ્યાત થયું છે. અહીં ચાંદી અને



પંચધાતુના નવપદના ગુટકા અને પ્રતિમાઓ પુષ્કળ પ્રમાણમાં છે.


श्री चंद्रप्रभ मंदिर, नलिया

**નળિયા**—કચ્છના ઉદાર દાનવીર નરસી નાથાનું એ મૂળ વતન છે. એમણે પાલીતાણા પહાડ ઉપર ૧ ટૂક, ગામમાં ધર્મશાળા, બાલાશ્રમ વગેરે બંધાવેલા છે અને આ મંદિર પણ બનાવેલ છે. વિ.સં. ૧૮૯૭માં પ્રતિષ્ઠા થયેલ છે. વિશાળ સોળ શિખર અને ચૌદ મંડપોવાળું આ મંદિર એની કલા માટે પ્રસિદ્ધ છે. એ પછી એમના સાળાએ એથી ચઢિયાતું મંદિર બનાવ્યું. પછી એમના દીકરાએ એથી પણ સુંદર અષ્ટાપદનું મંદિર બનાવ્યું. ત્રણે મંદિર એક-એકથી ચઢિયાતા છે. જૂનું નામ નલિનીપુર હતું. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.


कलात्मक मंदिरोका बाह्यदृश्य, कोठारा

**કોઠારા**—આ મંદિરની પ્રતિષ્ઠા વિ.સં.૧૯૧૮માં થયેલી છે. કેશવજી નાયક જેમણે શત્રુંજય પર ટૂક બનાવેલ છે, તે આ ગામના નિવાસી હતા. તેમણે અને શેઠ

વેલજી માલુ અને શિવજી નેણશીએ મળીને ૧૬ લાખ કોરીના ખર્ચે આ મંદિર બંધાવેલ છે. આઠ શિખરવાળા આ ગગનચુંબી મંદિરની બહારની અને અંદરની કળા એ મંદિરની ખાસ વિશેષતા છે. મંદિરની ઊંચાઈ ૭૪ ફૂટ છે. અહીં ધર્મશાળા-ભોજનશાળાની સુવિધા છે.

**જખૌ :-** આ મંદિરની પ્રતિષ્ઠા વિ.સં.૧૯૦૫ અને પુનઃપ્રતિષ્ઠા વિ.સં. ૨૦૨૮માં થયેલી છે. આને રત્નટૂક દેરાસર કહે છે. આનું


श्री महावीर प्रभु मंदिर, जखौ

નિર્માણ શેઠ જીવરાજ રતનશી અને શેઠ ભીમશી રતનશીએ કરાવેલ છે. એક જ કોટમાં નવ મંદિરો પાસે પાસે જ આવેલા છે. એ ગામનું જૂનું નામ યક્ષપુરી છે. ધર્મશાળા-ભોજનશાળાની સુવિધા છે.

**તેરા :-** આ મંદિરની પ્રતિમા શ્રી સંપ્રતિરાજા દ્વારા પ્રતિષ્ઠિત મનાય છે. એનું પુનર્નિર્માણ વિ.સં. ૧૯૧૫માં થયું હતું અને જીર્ણોદ્ધાર વિ.સં. ૨૦૨૭માં થયો. એ મંદિરમાં એક સોનાની મૂર્તિ પણ છે જેને તાલામાં રાખે છે. આ મંદિરના નવ શિખરોની કલા બહુ રમણીય છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

તેરાથી ભુજ જતાં રસ્તામાં મંગવાણા ગામ આવે છે. ત્યાંથી ડાબી બાજુ ૬ કિ.મી. દૂર ભુજ-નખત્રાણા રોડ ઉપર શ્રી પાર્શ્વવલ્લભ ઇંદ્રધામ નામે નવું તીર્થ બન્યું છે. ધર્મશાળા-ભોજનશાળાની સારી સગવડ છે.

**ભુજ**—ગામની બહાર માજનવાડી નામે જૈન ધર્મશાળા છે અને પાસે નૂતન મંદિર પણ છે. ગામમાં વાણીયાવાડમાં ત્રણ જૈનમંદિરો છે. દરબારગઢ, મહેલ, સંગ્રહસ્થાન, આયના મહેલ વગેરે જોવા જેવા છે. ભુજથી  માધાપુર જતાં ત્રણ કિ.મી. દૂર કુકમા ગામમાં શ્રીમદ્ રાજચંદ્ર મંદિર છે.

**કચ્છના તીર્થોના કિલોમીટરની માહિતી :-** ગાંધીધામથી ભદ્રેસર ૩૫; • થી મુંદ્રા ૨૭; • થી ભુજપુર ૧૬; • થી મોટી ખાખર ૧૦; • થી નાની ખાખર ૫; • થી બિદડા ૮; • થી બોંતેર જિનાલય ૭; • થી માંડવી (વૃદ્ધાશ્રમ) ૬; • થી સુથરી ૭૧; • થી કોઠારા ૧૨; • થી જખૌ ૧૮; • થી નળિયા ૧૮; • થી તેરા ૧૮; • થી ભુજ ૭૫

વધારાની માહિતી—ભદ્રેસરથી બિદડા ૪૦; માંડવીથી ભુજ ૬૯; ભદ્રેસરથી માંડવી ૫૦; ભદ્રેસરથી મુંદ્રા ૨૭; ભદ્રેસરથી ભુજ ૮૦; મુંદ્રાથી ભુજ ૫૨; માંડવીથી દેઢીયા ૨૯

વચ્ચે ઘણા ગામોમાં (જેમ કે લાયજા, રાયણ, સંઘાણ, કોડાય વગેરે) સુંદર મંદિરો છે, જેના કિ.મી. નોંધ્યા નથી. ત્યાંનો સ્થાનિક ડ્રાઈવર બધે દર્શન કરાવે છે. *******

# ૪. અમદાવાદ-શંખેશ્વર વિભાગ

## (ઉત્તર ગુજરાત)

**અમદાવાદ (કર્ણાવતી)**—આ તીર્થ અમદાવાદ સ્ટેશનથી ત્રણ કિ.મી. દૂર દિલ્લી દરવાજા બહાર શેઠ હઠીસિંહની વાડીમાં આવેલું




છે. ઉપલબ્ધ ઉલ્લેખ અનુસાર દસમી સદી પહેલા અહીં આશાપલ્લી (આશાવલ) નગરી હતી. અગિયારમી સદીમાં કર્ણદેવ રાજાએ ભીલપતિ આશાને પરાજિત કરી કર્ણાવતી નગરી નામ રાખ્યું. પછી વિ.સં.૧૪૬૮માં સુલતાન અહમદશાહે જૂના ખંડેરો પર નવેસરથી અમદાવાદ નગરીની સ્થાપના કરી એમ કહેવાય છે.

હાલના મંદિરોમાં ઝવેરીવાડ સ્થિત શ્રી સંભવનાથનું મંદિર સૌથી પ્રાચીન ગણાય છે. હઠીસીંગની વાડીનું મંદિર કલા અને વિશાલતાની દૃષ્ટિએ પ્રસિદ્ધ છે. અમદાવાદ શહેરમાં નાના-મોટા

મળીને ૨૨૫ થી વધારે મંદિર આજે પણ છે. શ્વેતાંબર સંપ્રદાયનું પ્રતિનિધિત્વ ધરાવતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી ઇસ્વી સન ૧૮૮૦માં અહીં જ રજિસ્ટર થયેલી છે જે ઘણા તીર્થોનો કાર્યભાર સંભાળે છે. અહીં અગિયાર પ્રાચીન ગ્રંથભંડારો છે, અનેક ધાર્મિક પાઠશાળાઓ છે. લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાં હજારો ગ્રંથો, પ્રાચીન ચિત્રો, શિલ્પમૂર્તિઓ વગેરે પુરાતત્ત્વ કલાસામગ્રીનો વિપુલ સંગ્રહ છે.

હાલમાં રહેવા માટે હઠીસીંગની વાડીના પરિસરમાં જ મોટી ધર્મશાળા અને ભોજનશાળા છે. તે સિવાય રતનપોળમાં મિરચી પોળમાં અને ગોલવાડમાં પણ ધર્મશાળાઓ છે. પાંજરાપોળમાં પણ ભોજનશાળા છે.

અમદાવાદથી ૩૦ કિ.મી. અને મહુડીથી ૪૫ કિ.મી. દૂર ગાંધીનગર પાસે બોરીજમાં બે માળનું નવું મંદિર બન્યું છે. પ્રતિમાઓ પ્રાચીન છે. મહાવીર ભગવાનની પંચ ધાતુની ૭ ફૂટની મૂર્તિ પ્રતિષ્ઠિત કરેલી છે. ધર્મશાળા-ભોજનશાળાની સુવિધા છે.

અમદાવાદથી ૩૫ કિ.મી દૂર અને ગાંધીનગરથી ૧૭ કિ.મી. દૂર N.H.No. 8 પર ચૈતન્યધામ નામે એક નવું દિગંબર તીર્થ ઈ.સન ૨૦૦૮ માં અસ્તિત્વમાં આવ્યું છે. આ એક સાધના-સ્થળ તરીકે ઓળખાય છે. ધર્મશાળા-ભોજનશાળાની સુવિધા છે.

**ઉપરિયાલાજી**–ગ્રંથોમાં આવેલ લેખ અનુસાર આ તીર્થ પંદરમી સદી પહેલાનું તો છે જ. વિ.સં. ૧૯૧૯ માં સ્વપ્નાના

આધારે જમીનમાંથી પ્રતિમાજી પ્રાપ્ત થયેલા છે અને વિ.સં. ૧૯૪૪માં નવનિર્મિત મંદિરમાં પ્રતિષ્ઠા થયેલી છે. પ્રતિમા ચમત્કારિક છે. ધર્મશાળા-ભોજનશાળાની સુવિધા છે. વીરમગામ-દસાડા રોડ ઉપર માંડળ, ફુલકી પછી રસ્તો ફંટાય છે.

**શંખેશ્વર :-** આનું પ્રાચીન નામ શંખપુર છે. અષાઢી શ્રાવકે પ્રાચીન કાળમાં ચારૂપ, સ્તંભપુર અને શંખેશ્વરમાં જિન પ્રતિમાઓ બિરાજમાન કરી હતી. એક દંતકથા અનુસાર જરાસંધ અને શ્રીકૃષ્ણ વચ્ચે થયેલા યુદ્ધમાં જરાસંધે શ્રીકૃષ્ણની સેના પર જરા ફેંકી ત્યારે આ પ્રતિમાજીના ન્હવણજલથી જરાનો ઉપદ્રવ શાંત થયો. આ તીર્થ કેટલીય વાર ક્ષતિગ્રસ્ત થયું અને સિદ્ધરાજ જયસિંહના મંત્રી સજ્જન-સિંહ, મંત્રી વસ્તુપાલ તેજપાલ, ઝીંઝવાડાના રાજા દુર્જનશલ્ય, ગંધાર-નિવાસી માનાજી શ્રાવક વગેરે દ્વારા જીર્ણોદ્ધાર થયા છે. અલાઉદ્દીનના સૈનિકોએ આ તીર્થને બહુ જ નુકસાન કર્યું હતું. પછી સં.૧૯૫૬માં બાદશાહ શાહજહાંએ અમદાવાદના નગરશેઠ શ્રી શાંતિદાસના નામે શંખેશ્વર ગામનું ફરમાન બનાવીને આપ્યું હતું જે પ્રસિદ્ધ છે. શંખેશ્વર ગામની મધ્યે આ મંદિર આવેલું છે. ધર્મશાળા ભોજનશાળાની સુવિધા છે. મોટું વાહન મંદિર સુધી જઈ શકતું નથી.

ગામની બહાર રોડ ઉપર ઘણા નવા મંદિરો અને ધર્મશાળાઓ બનેલા છે જ્યાં ભોજનશાળાની પણ અદ્યતન સુવિધા છે.

**જમણપુર**—શંખેશ્વરથી ૨૨ કિ.મી., પાટણથી ૨૭ કિ.મી. અને હારીજથી ૮ કિ.મી. દૂર આ તીર્થ આવેલું છે. એક લોકવાયકા

અનુસાર મંત્રી વસ્તુપાળના પુત્ર જૈત્રસિંહે પોતાની પત્ની જમણદેવીના નામ ઉપરથી આ નગરી વસાવી હતી, એટલે આ તીર્થક્ષેત્ર તેરમી સદીનું છે. અંતિમ જીર્ણોદ્ધાર પછી પુનઃપ્રતિષ્ઠા વિ.સં.૧૯૬૪ માં થયેલ છે. રહેવા-જમવાની સગવડ નથી.


श्री चंद्रप्रभ भगवान मंदिर, जमणपुर

**કંબોઈ :-** આ તીર્થ ચાણસ્માથી ૧૬ કિ.મી. દૂર છે. વિક્રમની ૧૧મી સદી પૂર્વેનું આ તીર્થ મનાય છે. પ્રતિમા સંપ્રતિ રાજાના વખતની લાગે છે. અનેક ગ્રંથોમાં આનો ઉલ્લેખ છે. આ મંદિરમાં કાચનું સુંદર કામ કરેલું છે. ગામમાં હજી પણ ઘણી જગ્યાઓથી પ્રાચીન પ્રતિમાઓ મળી આવે છે. છેલ્લો જીર્ણોદ્ધાર વિ.સં.૨૦૦૩ માં થયેલો છે. એક જ મંદિર છે. બસ છેક સુધી જઈ શકે છે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે.


मंदिरका बाह्य दृश्य, चाणस्मा

**ચાણસ્મા :-** ચાણસ્મા ગામની મધ્યે આ તીર્થ આવેલું છે. ઈડર પાસે ભાટુઆર ગામના શ્રાવક સૂરચંદ્રને આ પ્રતિમા જમીનમાંથી મળી હતી,

એટલે આ પ્રતિમા ભટેવા પાર્શ્વનાથ તરીકે પ્રખ્યાત છે. વિ.સં. ૧૩૩૫ માં પ્રતિષ્ઠા થયાનો ઉલ્લેખ છે. રેતીની બનેલી આ પ્રતિમા ખૂબ જ પ્રભાવશાળી છે. એક માન્યતા અનુસાર આ પ્રતિમાજી છ લાખ વર્ષ પ્રાચીન છે. આ દેરાસરની ભમતીમાં આ પ્રતિમાનો પ્રાચીન ઇતિહાસ અને કથા સુંદર ચિત્રો દ્વારા દર્શાવેલ છે જે સૂચવે છે કે આ પ્રતિમા ઘણા વખત સુધી દેવલોકમાં પુજાયેલ છે. છેક મંદિર સુધી બસ જઈ શકે છે. ધર્મશાળા અને ભોજનશાળા છે.

**ગાંભુ :-** આના પ્રાચીન નામ ગંભીરા તથા ગંભુતા હતા. આ તીર્થ નવમી સદીનું છે. પૂર્વે વિરાટ નગર હતું. સંપ્રતિ રાજાના વખતની મૂર્તિઓ છે. આજુબાજુ વિખરાયેલા ભગ્નાવશેષો એની પ્રાચીનતાનું પ્રમાણ છે. આચાર્ય શ્રી શીલાંકાચાર્યે આચારાંગ સૂત્રની ટીકા વિ.સં.૯૧૯ માં અહીં જ લખી હતી. અહીં એક જ મંદિર છે. બીજી ઘણી પ્રતિમાઓ અહીંથી મુંબઈ, તલાજા, પાલીતાણા વગેરે સ્થળે ગઈ છે અને કેટલીક અહીંના ભોંયરામાં બિરાજમાન છે. શિખરની કળા નિરાલી છે. આ તીર્થ મોંઢેરાથી ૭ અને મહેસાણાથી ૧૨ કિ.મી. દૂર છે. ભોજનશાળા-ધર્મશાળાની સગવડ છે.

**મોંઢેરા :-** આ તીર્થ ઘણું પ્રાચીન છે. હેમચંદ્રાચાર્યની આ જન્મભૂમિ છે, બપ્પભટ્ટ-સૂરીનું આ દીક્ષાસ્થળ છે. ગામ મધ્યે એક મંદિર આવેલું છે. ગામની બહાર પ્રાચીન જૈન મંદિરોના ખંડેરો મળે છે. અહીંનું સૂર્યમંદિર ભારતીય શિલ્પકળા માટે પ્રસિદ્ધ છે. નાની ધર્મશાળા છે.

**રાંતેજ (રત્નાવલી) :-** આ તીર્થ મોંઢેરાથી ૨૦, ભોયણીથી ૨૫, મહેસાણાથી ૩૦, ગાંભુથી ૨૮ કિ.મી. દૂર આવેલું છે. આનો ઇતિહાસ ૨૫૦૦ વર્ષ જૂનો છે. આ આખું મંદિર ભૂમિગત હતું અને




દૈવી સંકેતોના આધારે જમીનમાં ખોદવાથી આ બાવન જિનાલય મંદિર પ્રગટ થયું હતું. આનો જીર્ણોદ્ધાર વિ.સં.૧૧૦૦ માં અને છેલ્લો જીર્ણોદ્ધાર વિ.સં.૧૯૮૦ માં થયાનો ઉલ્લેખ છે. પણ પ્રતિમા ન હતી. પછી કોઈ શ્રાવકે અઠ્ઠમ તપ કરવાથી અધિષ્ઠાયક દેવ પ્રસન્ન થયા અને તેની સૂચના પ્રમાણે ખોદકામ કરવાથી ૧૮ પ્રતિમાઓ પ્રાપ્ત થઈ જે આજે પણ આ મંદિરમાં પ્રતિષ્ઠિત છે. મંદિરની ભમતીની દેરી નં.૩૪માં પ્રાચીન ભોંયરું છે જેમાં અનેક પરિકર હતા, જે કદંબગિરિ તીર્થે મોકલેલા છે. આજે પણ બે પરિકર અહીં ભમતીમાં છે જેના પર વિ.સં.૧૧૦૦ તથા ૧૩૦૦ના

લેખ ઉત્કીર્ણ છે. અહીં શ્રુતદેવી માતા સરસ્વતીની મૂર્તિ પણ દર્શનીય છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

**ભોંયણી :-** આ પ્રાચીન તીર્થ છે. કહેવાય છે કે પૂર્વકાળમાં અહીં પદ્માવતી નામે નગર હતું. વિ.સં. ૧૯૩૦ માં એક ખેતરમાં


श्री मल्लिनाथ प्रभु मंदिर, भोंयणी

કૂવો ખોદતાં આ પ્રતિમાજી પ્રગટ થયા અને વિ.સં. ૧૯૪૩ માં નૂતન મંદિર બનાવીને પ્રતિષ્ઠા કરવામાં આવી. મલ્લિનાથ પ્રભુની નારી રૂપમાં આટલી સુંદર પ્રાચીન પ્રતિમા બીજે ક્યાંય નથી. ધર્મશાળા-ભોજનશાળા છે. કડી-બેચરાજી રેલવેલાઈન પર ભોંયણી સ્ટેશન પાસે આ તીર્થ આવેલું છે. અમદાવાદથી ૬૦ કિ.મી. દૂર છે.

**પાનસર :-** શ્રી મહાવીર ભગવાનની પ્રતિમા વિ.સં. ૧૯૬૬માં અહીંના રાવલ શ્રી જલાતેજાને ત્યાં પ્રગટ થઈ હતી. પછી મંદિર બનાવીને વિ. સં.૧૯૭૪માં પ્રતિષ્ઠા કરવામાં આવી. પછી


श्री महावीर जिनालय, पानसर


पाटण
सिद्धपुर
अंबाजी
शामलाजी
हारीज
जमणपुर
चाणस्मा
समी
कंबोइ
हिंमतनगर
बीजापुर
गांभु
महेसाणा
मोढेरा
महुडी
मोडासा
प्रांतिज
शंखेश्वर
बेचराजी
कटोसण
माणसा
धनसुरा
रांतेज
पानसर
विठ्ठलपुर
छत्राल
भोयणी
कलोल
बायड
दसाडा
देत्रोज
कडी
सेरिसा
मांडल
गांधीनगर
नरोडा
उपरियाला
वामज
वीरमगाम
पाटडी
अहमदाबाद
कपडवंज
सुरेन्द्रनगर
साणंद
नळसरोवर
खेडा
नडीआद
धोलका
मातर
बगोदरा
अहमदाबाद - शंखेश्वर विभाग
: स्केल :
१ सेमी. = १२ किमी.
★ तीर्थ

વિ. સં. ૧૯૯૧માં બીજી પાંચ પ્રતિમાઓ જમીનમાંથી મળી આવી. એથી સિદ્ધ થાય છે કે અહીં પૂર્વે ઘણા મંદિરો હતા. એ મંદિર સિવાય પાનસર ગામમાં બીજું એક મંદિર છે. અમદાવાદ-મહેસાણા રેલવે લાઈનમાં પાનસર સ્ટેશન પાસે આ તીર્થ આવેલું છે. કલોલથી આ તીર્થ ૭ કિ.મી. દૂર છે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે.

**સેરિસા :-** સેરિસા ગામની બહાર આ તીર્થ આવેલું છે. કહેવાય છે કે સેરિસા એક સમયે સોનપુર નગરીનો એક ભાગ હતો. તેરમી સદીમાં વસ્તુપાલ-તેજપાલે અહીં નેમિનાથ પ્રભુની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી હતી હતી. સોળમી સદીમાં એ તીર્થ મુસ્લિમોના હાથે ખંડિત થયું. પછી વિ.સં. ૧૯૫૫ માં ખંડેરોમાં ખોદકામ કરતાં કેટલીક પ્રાચીન પ્રતિમાઓ મળી આવી હતી. વિ.સં.૧૯૮૮ માં પાંચ પ્રતિમાઓને લેપ કરાવ્યા અને અમદાવાદના શેઠ શ્રી




સારાભાઈ ડાહ્યાભાઈ દ્વારા નિર્મિત નૂતન મંદિરમાં વિ.સં.૨૦૦૨ માં પ્રતિષ્ઠા કરેલ છે. મંદિર લાલ પથ્થરનું બનેલું હોવાથી બહુ જ સુંદર લાગે છે. ભોંયરામાં પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ દર્શનીય છે.

ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે. કલોલથી ૮ કિ.મી. દૂર રાંચરડા માર્ગ પર આવેલું છે.

**વામજ :-** સેરિસાથી ૧૦ કિ.મી. દૂર આ તીર્થ આવેલું છે. પ્રતિમાની કલાકૃતિ જોતાં આ પ્રતિમા સંપ્રતિ રાજાના વખતની લાગે છે. વિ.સં. ૧૯૭૯માં આ પ્રતિમા અહીં કણબીઓના મહોલ્લામાં જમીનમાંથી પ્રાપ્ત થઈ હતી, પછી મંદિર બનાવી વિ.સં. ૨૦૦૨ માં પ્રતિષ્ઠા કરેલ છે. આજુબાજુ ઘણા પ્રાચીન ખંડેરો આજે પણ જોવા મળે છે. નાની ધર્મશાળા છે.

**કિલોમીટરની માહિતી**—અમદાવાદથી ઉપરિયાલાજી ૮૦; ● થી શંખેશ્વર ૫૫; ● થી જમણપુર ૨૨; ● થી કંબોઈ ૨૦; ● થી ચાણસ્મા ૧૬; ● થી ગાંભુ ૩૦; ● થી મોંઢેરા ૭; ● થી રાંતેજ ૩૮; ● થી ભોંયણી ૨૫; ● થી પાનસર ૫૦; ● થી સેરીસા ૧૪; ● થી વામજ ૧૩; ● થી અમદાવાદ ૩૦

વધારાની વિગત—અમદાવાદથી શંખેશ્વર ૧૨૦; ગાંધીનગરથી મહુડી ૪૧; વામજથી ભોયણી ૩૧; મોંઢેરાથી પાટણ ૩૧; અમદાવાદથી સેરિસા ૩૭; અમદાવાદથી પાનસર ૪૦.

# પ. રાધનપુર-પાટણ વિભાગ

**મહેસાણા :-** અમદાવાદ-મહેસાણા મુખ્ય માર્ગ પર નૂતન મંદિર આવેલું છે જેમાં સીમંધર સ્વામીની ૧૨ ફૂટની પદ્માસન પ્રતિમા પ્રતિષ્ઠિત છે. અહીં ધર્મશાળા-ભોજનશાળાની સુવિધા છે. ગામમાં બીજા ૧૪ મંદિરો છે. સૌથી પ્રાચીન અને મોટું દેરાસર ગામમાં બજારની વચ્ચે શ્રી મનમોહન પાર્શ્વનાથ ભગવાનનું છે. અહીં શ્રી યશોવિજયજી સંસ્કૃત પાઠશાળાનું ધર્મ-પ્રભાવનાનું કાર્ય પ્રશંસનીય છે. ગામમાં પણ ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

**રાધનપુર**—વિ.સં.૬૦૨માં ચાવડા વંશના રદનદેવે આ નગર વસાવેલું. વિ.સં.૧૬૦૦માં અહીં ત્રણ મંદિરો હતા. આજે અહીં ૨૬ મંદિરો છે જે ૨૦૦-૨૫૦ વર્ષ જૂના છે. જૈનોનું એ મોટું મથક છે. પૂર્વે પાલીતાણા અને શંખેશ્વરનો વહીવટ અહીંના શ્રાવકો કરતા હતા. અને અહીં લગભગ દરેક ઘરથી દીક્ષા થયેલી છે. રહેવા માટે ભોજકવાસમાં શ્રીમતી સીતાબેન ધીરજલાલ વકીલ યાત્રિક ભવન અદ્યતન સુવિધાવાળું વિ.સં. ૨૦૦૧માં બન્યું છે. એમાં ભોજન-શાળાની પણ વ્યવસ્થા છે.

**વાવ :-** આ તીર્થ તેરમી સદીનું છે. થરાદથી ૧૨ કિ.મી. દૂર છે. કહેવાય છે કે થરાદનો ચૌહાણ રાજા પુંજાજી મુસલમાનો સાથેના યુદ્ધમાં મરાયો ત્યારે તેની રાણી પોતાના પુત્ર વજાજીને લઈને અહીં રહી હતી. એ વજાજીએ મોટા થઈને અહીં એક વાવ બનાવી હતી, જેથી ગામનું નામ વાવ પડ્યું. થરાદમાં જે સોનાની મૂર્તિ હતી તે

બાદશાહ અલ્લાઉદ્દીનના આક્રમણના ભયથી અહીં લાવી હતી, જે આજે પણ અહીં જ પ્રતિષ્ઠિત છે. એ અજિતનાથ ભગવાનની પંચધાતુની મૂર્તિ અત્યંત પ્રભાવશાલી અને ચમકદાર છે. આવી અલૌકિક પ્રતિમાના દર્શન અન્યત્ર દુર્લભ છે. ખાસ સુવિધા નથી.

**ઢીમા :-** થરાદથી ૧૪ કિ.મી. છે. કુમારપાળ રાજાએ આ તીર્થનો જીર્ણોદ્ધાર કરેલ છે એમ કહેવાય છે. સગવડ કંઈ નથી.

**ભોરોલ :-** થરાદથી ૨૨ કિ.મી. અને ઢીમાથી ૯ કિ.મી. દૂર છે. આનું પ્રાચીન નામ પીપળગ્રામ હતું. હાલ અહીં એક મંદિર છે જે વિક્રમની બારમી સદીનું છે. લગભગ પંદરમી સદી સુધી આ સ્થળ જાહોજલાલીવાળું રહ્યું એવો જમીનમાંથી નીકળતા ભગ્નાવશેષો પરથી ખ્યાલ આવે છે. વિ.સં. ૨૦૨૨માં જીર્ણોદ્ધાર વખતે ભૂગર્ભ-માંથી નીકળેલ શ્રી નેમિનાથ પ્રભુની ભવ્ય અને ચમત્કારિક પ્રતિમાને મૂળનાયકરૂપે અને અન્ય પ્રતિમાઓને જુદી જુદી દેવકુલિકાઓમાં પ્રતિષ્ઠિત કરેલ છે. પ્રતિમાઓ પર કોઈ લેખ નથી, પણ દશમી સદી પૂર્વેની લાગે છે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે.

**થરાદ :-** આ ગામ થિરપાલ ધરુએ વિ.સં. ૧૦૧ માં વસાવ્યું હતું અને એની બહેને ૧૪૪૪ સ્તંભયુક્ત વિશાલ જિનાલય બનાવ્યું હતું. કુમારપાળ રાજાએ અહીં 'કુમારવિહાર મંદિર' બનાવ્યાનો ઉલ્લેખ છે. એક જમાનામાં આ એક વિરાટ નગરી હતી. હાલમાં અહીં ૧૧ મંદિર છે જેમાં અનેક પ્રાચીન કલાત્મક પ્રતિમાઓના દર્શન થાય છે. મંદિર સુધી બસ જઈ શકે છે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે. ડીસાથી ૫૫ કિ.મી. છે.

**ભીલડિયાજી :-** ડીસાથી ૨૦ કિ.મી. દૂર ભીલડી ગામની બહાર મુખ્ય માર્ગ પર આ તીર્થ આવેલું છે. આનું પ્રાચીન નામ ભીલપલ્લી મનાય છે અને પ્રતિમા ખૂબ જ પ્રાચીન અને કપિલ કેવલીના હસ્તે પ્રતિષ્ઠિત થયેલી કહેવાય છે. એક કિંવદંતિ અનુસાર સંપ્રતિરાજા દ્વારા પ્રતિષ્ઠિત થયેલી પણ કહેવાય છે. એક દંતકથા અનુસાર શ્રેણિકકુમારે અહીં એક રૂપવતી ભીલડી કન્યા સાથે લગ્ન કર્યું હતું અને તેની જાતિના નામે આ નગર વસાવ્યું હતું. કાળાંતરે આ નગર ત્રંબાવતી નામે પ્રસિદ્ધ થયું. તે સમયે અહીં સવાસો શિખરબંધ જિનમંદિરો હતા. ચૌદમી સદીમાં અલાઉદ્દીનના હાથે આ નગરી સાવ નષ્ટ થઈ ગઈ. આજે પણ બળેલી ઇંટો, રાખ, કોલસા જમીનમાંથી મળી આવે છે. મંદિર જીર્ણ અવસ્થામાં હતું અને પ્રતિમાઓ ભોંયરામાં સુરક્ષિત મૂકેલી હતી. છેલ્લે વિ.સં.૧૮૭૨ માં આ પ્રાચીન મંદિર પાસે ભીલડી ગામ ફરી વસ્યું અને છેલ્લો જીર્ણોદ્ધાર થઈને વિ.સં. ૨૦૨૭ માં ફરી પ્રતિષ્ઠા થઈ. મંદિર વિશાળ છે. ધર્મશાળા-ભોજનશાળાની સંપૂર્ણ સગવડ છે.

**ડીસા**—જૂના ડીસા ગામે આવેલું શ્રી આદિનાથ ભગવાનનું મંદિર વિક્રમની તેરમી સદીનું ગણાય છે. કુમારપાળ રાજાના સમયમાં શ્રી હેમચંદ્રાચાર્ય અહીં પધારેલા છે. સગવડ કંઈ નથી.

**ચારૂપ**—પાટણથી ૧૭ કિ.મી. દૂર આ તીર્થ આવેલું છે. અષાઢી શ્રાવકે પ્રતિષ્ઠિત કરેલ ત્રણ મૂર્તિઓમાંની આ એક છે એટલે આ તીર્થ બહુ પ્રાચીન છે. વિ.સં.૧૯૩૮ થી પાટણના શ્રાવકોએ અહીંની

વ્યવસ્થા સંભાળી અને આ વિશાળ મંદિરનું નિર્માણ કરીને વિ.સં.૧૯૮૪ માં પ્રતિષ્ઠા કરાવી છે. નાનું ગામ છે. ધર્મશાળા-ભોજનશાળા છે. પ્રભુપ્રતિમા શિલ્પકળાનો અદ્ભુત નમૂનો છે.

**પાટણ :-** અહીં મુખ્ય મંદિર પંચાસરા પાર્શ્વનાથનું છે જે હેમચંદ્રાચાર્ય રોડ, આઝાદ ચોકમાં આવેલું છે. વનરાજ ચાવડાએ અણહિલ ભરવાડની સલાહથી વિ.સં.૮૦૨માં શ્રી શીલગુણસૂરીજીના હસ્તે જૈન વિધિપૂર્વક આ નગરીની સ્થાપના કરી અણહિલપુર પાટણ નામ રાખ્યું. પછી પોતાના પૂર્વજોની રાજધાની પંચાસરાથી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા લાવીને અહીં નવું મંદિર બંધાવી તેમાં સ્થાપન કરી, જેથી પંચાસરા પાર્શ્વનાથ તરીકે ઓળખાય છે. મંદિર બહુ સુંદર છે. પ્રતિમાજી ભવ્ય અને પ્રાચીન છે તથા પરિકરની બારીક


श्री पंचासरा पार्श्वनाथ मंदिर, पाटण

કારીગરી જોવા જેવી છે. ચૌદમી સદીમાં ચૌલુક્ય (સોલંકી) વંશના કુમારપાળ વગેરે ઘણા જૈન રાજાઓ થયા અને કેટલાય જૈનમંદિરો બન્યા. વિ.સં.૧૩૫૩ થી ૧૩૫૬ દરમિયાન અલાઉદ્દીનના સેનાપતિના હાથે આ નગરીનો નાશ થયો. સં.૧૩૭૦ થી ફરી નવું પાટણ વસ્યું અને અનેક મંદિરોના નિર્માણ થયા. જ્યારે હેમચંદ્રાચાર્યે પાટણમાં પ્રવેશ કર્યો ત્યારે નગરીનો વિસ્તાર ૧૩ કિ.મી.નો હતો અને ૧૮૦૦ કરોડપતિ શ્રાવકો ભેગા મળ્યા હતા. તે વખતે પાટણ વિદ્યાનું પણ મોટું કેન્દ્ર હતું, ઘણા ગ્રંથો લખાયા અને અહીંના શ્રાવકોએ બીજી જગ્યાએ પણ ધર્મપ્રભાવનાના ઘણા કાર્યો કર્યા છે. અહીંના રાજા ભીમદેવના દંડનાયક વિમળશાહ અને રાજા સિધ્ધરાજના મંત્રી સજ્જનશાહ દ્વારા આબૂ અને ગિરનાર પર કરેલ કાર્ય જગપ્રસિધ્ધ છે. વિ.સં.૧૩૭૧ માં શત્રુંજયનો ઉધ્ધાર કરાવનાર સમરાશાહ પણ અહીંના જ હતા. આજે પણ અહીં ૮૪ મંદિરો છે. પંચાસરા પાર્શ્વનાથ મંદિરની આજુબાજુ ૮-૧૦ મંદિર છે. ધર્મશાળા અને ભોજનશાળા પણ અહીં જ છે. બસ મંદિર સુધી જઈ શકે છે. શહેરની બહાર રાણકી વાવ વગેરે ઐતિહાસિક સ્થળો દર્શનીય છે.

**મેત્રાણા**–આ તીર્થ ચૌદમી સદી પૂર્વેનું છે. એક શ્રાવકને આવેલ સ્વપ્ન અનુસાર વિ.સં. ૧૮૯૯ માં જમીનમાંથી પ્રતિમાઓ નીકળી હતી અને શ્રીસંઘ દ્વારા વિ.સં.૧૯૪૭ માં નૂતન મંદિર બનાવી તેમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી. અહીં અખંડ દીપકમાં કેટલાય વર્ષોથી નિરંતર કેસરિયા કાજળના દર્શન થાય છે. અહીં ઋષભદેવ

ભગવાનના પૂર્વભવના પટ દર્શનીય છે. આ સ્થળ સિદ્ધપુરથી ૧૨ કિ.મી. દૂર છે. ધર્મશાળા-ભોજનશાળાની સુવિધા છે.

**પાલનપુર (પ્રહ્લાદનપુર) :-** પાલનપુર સ્ટેશનથી એક કિ.મી. દૂર હનુમાન શેરીમાં આવેલ પલ્લવિયા પાર્શ્વનાથનું મંદિર વિક્રમની ૧૩મી સદીનું છે. પરમારવંશી રાજા પ્રહ્લાદે આ ગામ વસાવ્યું હતું. કહેવાય છે કે આબૂ-દેલવાડાની એક વિશાલ ધાતુ-પ્રતિમા ગળાવીને રાજાએ મહાદેવ મંદિર (અચલેશ્વર) માટે નંદી બનાવ્યો હતો. એથી રાજા કુષ્ઠરોગથી પિડાવા લાગ્યો. પછી પ્રાયશ્ચિત્તરૂપે મુનિની સલાહથી રાજાએ પાર્શ્વનાથ ભગવાનનું મંદિર બંધાવી તેનું ન્હવણજલ પોતાના શરીર પર લગાડ્યું જેથી કુષ્ઠ રોગ મટ્યો હતો. મંદિર સુધી બસ જઈ શકે છે.એ શહેરમાં બીજા ૧૪ મંદિરો છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.

અકબર-પ્રતિબોધક આચાર્ય શ્રી હીરવિજયસૂરી વિ.સં. ૧૫૮૩ માં અહીં જન્મ્યા હતા. એમની એ જન્મભૂમિ છે.

**કુંભારિયાજી :-** આનું પ્રાચીન નામ આરાસણા હતું. મંત્રી વિમળશાહે વિ.સં.૧૦૮૮ માં અહીં નેમિનાથ ભગવાનનું મંદિર બનાવ્યું હતું એમ કહેવાય છે. અહીંથી આબુ સુધી સુરંગ હતી. વર્તમાનમાં એ જ પરિસરમાં બીજા ચાર મંદિરો છે. પહેલા અનેક મંદિરો આ નગરીમાં હતા એમ લાગે છે. એક બીજી માન્યતા અનુસાર આ મંદિર ગોગા મંત્રીના પુત્ર પાસિલે, વિ.સં.૧૧૭૪ થી ૧૨૨૬ દરમિયાન કરાવી, વાદીદેવસૂરીના હાથે પ્રતિષ્ઠા કરાવેલ

છે. અહીંના શિલ્પકલા અજોડ છે. દેલવાડા, રાણકપુર વગેરેની કલાની યાદી આપે છે. મહાવીર ભગવાનના મંદિરની છતમાં ભાવી ચોવીસીના તીર્થંકરોના માતા-પિતા, ચૌદ સ્વપ્ન, મેરુ પર્વત પર ઇંદ્ર દ્વારા જન્માભિષેક, પંચાગ્નિ તપ કરતો કમઠ, સમવસરણ


श्री नेमिनाथ भगवान मंदिर,
कुंभारिया

વગેરે અનેક ભાવપૂર્ણ પ્રસંગો પાષાણમાં ઉત્કીર્ણ છે. ઈડરથી અંબાજી જતાં અંબાજીથી ૧ કિ.મી. પહેલા ડાબી બાજુ ૦।। કિ.મી. અંદર આવેલું છે. ધર્મશાળા અને ભોજનશાળાની સગવડ છે.

**મોટા પોસીના**–કુંભારિયાજીથી ૨૯ કિમી. દૂર પહાડની વચ્ચે મોટા પોસીના ગામમાં આ તીર્થ આવેલું છે. કહેવાય છે કે વિક્રમની તેરમી સદીમાં એક વૃક્ષની નીચેથી આ પ્રતિમા પ્રગટ થઈ હતી. કુમારપાળ રાજાએ આ મંદિર બનાવી પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી એવી લોકવાયકા છે. શિલાલેખો ઉપરથી મંદિર પંદરમી સદી પૂર્વેનું




સિદ્ધ થાય છે. અહીં કુલ ૪ મંદિરો છે જે બધા પ્રાચીન છે. અહીં ક્ષેત્રપાલ અને વીર દાદાજીની માન્યતાને લઈને ઘણા લોકો આવે છે. ધર્મશાળા-ભોજનશાળાની અદ્યતન સુવિધા છે.

**ખેડબ્રહ્મા :-** પ્રાચીન નામ બ્રહ્મપુર છે. 'પુરાતન બ્રહ્મક્ષેત્ર'માં અહીં અનેક દિગંબર મંદિરો હોવાનો ઉલ્લેખ છે. હાલનું મુખ્ય મંદિર ૫૦૦ વર્ષ જૂનું હોવાનું અનુમાન છે. આ હિંદુઓનું પણ તીર્થક્ષેત્ર ગણાય છે. અહીં હાટકેશ્વર મહાદેવનું પણ મંદિર છે. ગામથી ૧ કિ.મી. દૂર અંબાજીનું પ્રાચીન મંદિર છે જ્યાં જીર્ણોદ્ધાર વખતે ખોદકામ કરતા અનેક જૈન પ્રતિમાઓ મળી છે. એક આદીશ્વર ભગવાનનું પ્રાચીન મંદિર પણ છે. ઈડરથી ૨૦ કિ.મી. દૂર અંબાજી રોડ પર છે. જૂની ધર્મશાળા છે.

**દેરોલ-વાઘેલા**–ખેડબ્રહ્માથી ૮ કિમી. દૂર હરણવા નદીને કિનારે આ તીર્થ આવેલું છે. આનું પ્રાચીન નામ દેવનગરી, દેવપુરી હતું. એ દિગંબર અતિશય ક્ષેત્ર તરીકે પ્રસિદ્ધ થયું છે. વર્તમાનમાં અહીં ત્રણ જૈનમંદિર છે જેમાંથી એક શ્વેતાંબરોના હાથમાં છે અને બે મંદિરોની વ્યવસ્થા દિગંબર સમાજ કરે છે. ચોથી સદીની આદિનાથ પ્રભુની અતિશયકારી પ્રતિમા દર્શનીય છે. ધર્મશાળા-ભોજનશાળાની વ્યવસ્થા છે.

**વડાલી :-** આનું પ્રાચીન નામ વટપલ્લી હોવાનો ઉલ્લેખ છે. અહીં અમીઝરા પાર્શ્વનાથ ભગવાનનું મંદિર મુખ્ય છે, જે બારમી સદીનું માનવામાં આવે છે. બીજા બે મંદિર પણ એટલા જ પ્રાચીન છે અને એક ખંડેર મંદિર પણ છે. અહીં મકાનનો પાયો ખોદતાં એક દરજીને ૬૫ પ્રતિમાઓ કંકુથી ઢાંકેલી મળી હતી જે સંપ્રતિ રાજાના વખતની એટલે કે ૨૩૦૦ વર્ષ જૂની મનાય છે. આ સ્થાન ઈડરથી ૧૪ કિ.મી. દૂર અંબાજી રોડ પર આવેલું છે. ધર્મશાળા-ભોજનશાળાની સગવડ છે.


श्री अमीझरा पार्श्वनाथ मंदिर, वडाली

**ઈડર :-** પ્રાચીન નામ ઈલાદુર્ગ છે. આજે એને ઈડરિયો ગઢ કહે છે. ભગવાન મહાવીર પછી ૨૮૫ વર્ષે સંપ્રતિ રાજાના હાથે શાંતિનાથ ભગવાનની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવ્યાનો ઉલ્લેખ છે. પછી કુમારપાળ રાજાના હાથે એનો જીર્ણોદ્ધાર થયેલ છે અને છેલ્લો જીર્ણોદ્ધાર વિ.સં.૧૯૭૦માં થયો છે. બાજુમાં દિગંબર મંદિર પણ છે. પહાડ ઉપર રણમલની ચોકી નામે ઓળખાતું જૈનમંદિરનું ખંડેર પણ છે. પહાડ પર જવા માટે રોડ રસ્તો થયેલ છે. ઈડરથી અંબાજી તરફ લગભગ ૨ કિ.મી. ગયા પછી ડાબી બાજુ પહાડ પર રસ્તો જાય છે. ઉપર ધર્મશાળા અને ભોજનશાળાની સુવિધા છે.

ચાલીને જવું હોય તો ગામમાંથી રસ્તો છે, ૬૦૦ પગથિયા છે. ચઢતાં ૨૦-૨૫ મિનિટ લાગે છે.

ગામમાં ૫ શ્વે.મંદિર અને ૩ દિ.મંદિર છે. શ્રી સંભવનાથ મૂલસંઘી દિ. મંદિરમાં સાઈડમાં ગ્રેનાઈટની સુંદર પ્રાચીન મૂર્તિ દર્શનીય છે. ઘંટિયા પહાડ પર શ્રીમદ્ રાજચંદ્ર વિહાર ભવન બનેલું છે. ઈડર શહેરથી એ સ્થળ પાંચ કિ.મી. દૂર છે અને ઉપર ચઢતાં ૧૫-૨૦ મિનિટ લાગે છે.



ઈડરથી અંબાજી તરફ જતા હાઈવે પર ૩ કિ.મી. દૂર નૂતન પાવાપુરી મંદિર અને ૮ કિ.મી. દૂર શત્રુંજયધામ બન્યું છે જ્યાં રહેવા-જમવાની બધી સુવિધાઓ ઉપલબ્ધ છે. અમદાવાદથી ઈડર ૧૦૦ કિ.મી. છે અને દર અરધે કલાકે બસ મળે છે.

**દાવડ (દેવપત્તન) :-** આ સ્થળ પ્રાચીન કાળમાં દાવડપુર, દેવપત્તન વગેરે નામોથી ઓળખાતું હતું. અહીં એક મકાનના પાયા ખોદતી વખતે લગભગ ૨૦૦ ખંડિત મૂર્તિઓ મળી હતી જેને ફરી તળાવમાં વિસર્જિત કરી દીધી હતી. પછી એક બીજા મકાનનો પાયો ખોદતાં મહાવીર ભગવાન અને ધરણેંદ્ર-પદ્માવતી સહિત પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ પ્રાપ્ત થઈ જે હાલમાં મંદિરમાં બિરાજમાન છે. મંદિર સાતમી સદી પહેલાનું લાગે છે અને પ્રતિમાજી સંપ્રતિ રાજાના

વખતના લાગે છે. તૂટેલી ફૂટેલી પ્રાચીન સાત વાવડીઓના કળાત્મક અવશેષો આજે પણ જોવા મળે છે. ઈડરથી ૨૫ કિ.મી. દૂર છે. બીજી કોઈ સગવડ નથી.

**પોસીના**–ઈડરથી શામલાજી રોડ પર બુઢિયા પછી જમણી બાજુ ગોધમજી, બ્રહ્મપુરી પછી હિંમતનગર રોડ પર આ તીર્થ આવેલું છે.

**ભિલોડા**–ઈડરથી ૩૦ અને હિંમતનગરથી ૫૦ કિમી. દૂર આ દિગંબર અતિશય ક્ષેત્ર આવેલું છે. અહીં ચોથા આરાની પ્રતિમાઓ છે અને મંદિર બારમી સદીનું છે. બાવન જિનાલય છે. અહીં ત્રણ માળનો ભવ્ય કીર્તિસ્તંભ છે. ધર્મશાળા છે અને પૂર્વ સૂચના આપ્યેથી ભોજનની વ્યવસ્થા થઈ શકે છે.

**તારંગા** :- આના પ્રાચીન નામો તારણગિરિ, તારણગઢ વગેરે છે. હાલમાં કુમારપાળ રાજાએ વિ.સં.૧૨૨૧ માં બનાવેલ મંદિર વિદ્યમાન છે. મૂળનાયક તરીકે અજિતનાથ ભગવાનની નવ ફૂટની ભવ્ય પદ્માસન પ્રતિમા પ્રતિષ્ઠિત છે. જીર્ણોદ્ધાર અવાર-નવાર થયા છે. કુમારપાળ રાજાએ બત્રીશ માળનું શિખર બનાવ્યું હતું એવો ઉલ્લેખ છે. આજે તો એના ચાર માળ જ રહ્યા છે. મંદિર ૧૪૨ ફૂટ ઊંચું, ૧૫૦ ફૂટ લાંબુ અને ૧૦૦ ફૂટ પહોળું બહુ જ રમ્ય લાગે છે. શિખરની બનાવટ બહુ સુંદર છે. એક જૂની લોકવાયકા છે– **'આબુની કોતરણી, રાણકપુરની બાંધણી, તારંગાની ઊંચાઈ, અને શત્રુંજયનો મહિમા'** આ ચીજોની જોડ મળવી મુશ્કેલ છે. એની

બાજુમાં બીજા ચાર મંદિરો છે. ભોજનશાળા ધર્મશાળાની સંપૂર્ણ સગવડ છે. બાજુમાં જ એક કંપાઉન્ડમાં દિગંબરના પાંચ મંદિર, ધર્મશાળા-ભોજનશાળાની સુવિધા સાથે છે.

પહાડ ઉપર આજુ-બાજુ ૩-૪ ટેકરીઓ છે જે દર્શનીય છે :- (૧) કોટિશિલા—શ્વે. મંદિરની પાછળ થઈને જવાય છે. રસ્તો ૧ કિ.મી. છે. પગથિયા છે. દિગંબર માન્યતા મુજબ અહીંથી ૩।। કરોડ મુનિ મોક્ષે ગયા છે અને વરદત્ત, સાયરદત્ત અને વરાંગ આદિ મુનિઓની આ તપોભૂમિ છે. (૨) સિદ્ધશિલા—વાયવ્ય દિશામાં ૧ કિ.મી. દૂર છે. દેરીમાં ચૌમુખી તથા અજિતનાથ ભગવાનના પાદુકાજી છે. (૩) મોક્ષબારી (પુણ્યબારી)—પૂર્વ દિશામાં ૧ કિ.મી. દૂર છે. આ પ્રત્યેક ટેકરી દર્શન કરીને આવતાં ૧-૧ કલાક લાગે છે. વહેલી સવારે ઊઠીને ઠંડા પહોરમાં આ યાત્રા કરવા જેવી છે. આ તીર્થ ચારે બાજુ પહાડની વચ્ચે હોવાથી અત્યંત નયનરમ્ય છે.

આ તીર્થ પહાડી પર આવેલું છે અને તળેટીથી મંદિર ૧। કિ.મી. દૂર છે. છેક સુધી બસ આવે છે. મહેસાણા-તારંગાહિલ રેલવે લાઈનનું આ છેલ્લું સ્ટેશન છે, ત્યાં પણ શ્વે. તથા દિ. ધર્મશાળા છે. સ્ટેશનથી તળેટી ૫ કિ.મી. દૂર છે. મહેસાણાથી ૭૨, વીસનગરથી ૫૧ અને અંબાજીથી ૫૫ કિ.મી. દૂર આ તીર્થ આવેલું છે.

તલેટી પાસે મૈન રોડને અડીને વિદ્યાસાગર તપોવનના નામે એક નવીન દિગંબર  તીર્થ વિકસ્યું છે. ઈ. સ. ૧૯૯૬ માં આનો પાયો નંખાયો હતો. આજે જિનમંદિર ત્રિકાળ ચૌવીસી જિનાલય, ધર્મશાળા, ભોજનશાળા બધું થઈ ગયું છે.


राधनपुर - पाटण
विभाग
: स्केल :
१ सेमी. = १३ किमी.
तीर्थ
सांचोर
भोरोल
ढीमा
वाव
थराद
धानेरा
डीसा
भिलडी
दियोदर
भाभर
शिहोरी
राधनपुर
भचौ
गांधीधाम
समी
हारीज
जमणपुर
कंबोइ
शंखेश्वर
उपरियाला
दसाडा
विठ्ठलपुर
वीरमगाम
चारूप
पाटण
मेत्राणा
चाणस्मा
मोढेरा
बेचराजी
गांभु
कटोसण
रांतेज
देत्रज
भोयणी
कडी
सेरिसा
कलोल
पानसर
अमीरगढ
दिल्ली
दांतीवाडा
पालनपुर
सिद्धपुर
ऊंझा
वालम
महेसाणा
उमता
वडनगर
खेरालु
वीसनगर
गांधीनगर
वीजापुर
महुडी
आबु
आबु माउन्ट
अंबाजी
कुंभारीया
मोटा
पेशीना
दांता
धरोइ
तारंगा
खेडब्रह्मा
देरोल
वडाली
विजयनगर
ईडर
पोशीना
दावड
भीलोडा
उदयपुर
शामलाजी
हिंमतनगर
प्रांतिज
अहमदाबाद

**વડનગર (આનંદપુર) :-** ખેરાળુ-વીસનગર માર્ગ પર આ તીર્થ આવેલું છે. જૈન ગ્રંથોમાં આ ગામનું નામ વૃદ્ધનગર તથા આનંદપુર જોવા મળે છે. વિ.સં.૫૨૩ માં કલ્પસૂત્રની શ્રાવકો સમક્ષ પ્રથમ વાચના અહીં શરૂ થઈ હતી. વિ.સં.૧૨૦૮ માં કુમારપાળ રાજાએ અહીં ભવ્ય કિલ્લો બંધાવ્યો હતો જેની શિલ્પકલા દર્શનીય છે. હાલમાં અહીં પાંચ મંદિરો છે જેમાં ચોટાવાળા મંદિર મુખ્ય ગણાય છે. એ સંપ્રતિ રાજાના વખતનું ગણાય છે. આમાં ભોંયરામાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા દર્શનીય છે. કહેવાય છે કે પહેલા એ ભોંયરામાં તારંગા સુધીનો રસ્તો હતો. બીજું મહાવીર ભગવાનનું બાવન જિનાલયવાળું હાથીવાળું મંદિર પણ પ્રાચીન ગણાય છે. છેલ્લો જીર્ણોદ્ધાર વિ.સં. ૧૮૪૫માં થયાનો ઉલ્લેખ છે. ધર્મશાળા-ભોજનશાળાની સુવિધા છે. છેક સુધી બસ જઈ શકે છે.




ઉમતા–આ દિગંબર અતિશય ક્ષેત્ર વીસનગરથી ૮ કિમી. દૂર ઉમતા ગામમાં આવેલું છે. આનું પ્રાચીન નામ વર્ધમાનપુર હતું. જમીનમાંથી ખોદકામ કરતાં ૭૪ જૈન મૂર્તિઓ નીકળી હતી જે ઈસ્વી સન ૨૦૦૧માં દિગંબર જૈનસમાજને સોંપવામાં આવેલ છે. મંદિરનું નિર્માણકાર્ય ચાલુ છે. ધર્મશાળા-ભોજનશાળાની વ્યવસ્થા છે.

**વાલમ :-** આ તીર્થ ખૂબ જ પ્રાચીન ગણાય છે. કહેવાય છે કે પ્રાચીન કાળમાં અષાઢી શ્રાવકે ત્રણ પ્રતિમાઓ ભરાવી હતી તેમાંની આ એક છે. ગામની આજુબાજુ આજે પણ પ્રાચીન કલાત્મક અવશેષો મળે છે. નેમિનાથ ભગવાનની આટલી પ્રાચીન અને સુંદર પ્રતિમાના દર્શન બીજે દુર્લભ છે. કાર મંદિર સુધી જઈ શકે છે. આ સ્થળ વીસનગરથી ૮ કિ.મી. અને ઉંઝાથી ૧૬ કિ.મી. દૂર છે. ધર્મશાળા-ભોજનશાળાની સુવિધા છે.

**વીજાપુર**–મહુડીથી ૧૦ અને હિંમતનગરથી ૨૫ કિ.મી. દૂર આ સ્થાન આવેલું છે. મંદિર આધુનિક છે, પણ બહુ વિશાલ અને સુંદર છે. આ મંદિર વીજાપુર શહેરની બહાર મૈન રોડ પર આવેલું છે અને ધર્મશાળા તથા ભોજનશાળાની સગવડ છે.

**મહુડી :-** આનું પ્રાચીન નામ મધુમતી છે. આ તીર્થક્ષેત્ર ૨૦૦૦ વર્ષ જૂનું છે. અહીં જમીનમાંથી પંચધાતુની ઘણી પ્રાચીન પ્રતિમાઓ નીકળી છે. વિ.સં. ૧૯૭૪માં પદ્મપ્રભુની પ્રાચીન પ્રતિમાની નૂતન મંદિરમાં પ્રતિષ્ઠા કરવામાં આવી છે. મંદિરની ભમતીમાં ૨૪ દેવકુલિકાઓ છે. અહીં ઘંટાકર્ણ મહાવીરનું ભવ્ય મંદિર છે અને એમની બહુ માન્યતા છે. બાવન વીરોમાં આ ત્રીસમા વીર છે. તેઓ ચોથા ગુણસ્થાનવાળા અવિરતિ સમ્યગ્દૃષ્ટિ મનાય છે.

અહીંથી ૧।। કિમી. દૂર સાબરમતી નદીને કિનારે એક ટેકરી પર કોટયર્કના મંદિરમાં અનેક કલાપૂર્ણ પ્રતિમાઓ અને અવશેષ

જોવા મળે છે. તેમાં પંચધાતુની જટાયુક્ત રેડિયમ નેત્રવાળી શ્રી શાંતિનાથ પ્રભુની બાવન ઇંચની પદ્માસન પ્રતિમા ખૂબ જ સુંદર છે જેને કેસરિયાજી ભગવાન કહે છે. એક બીજી ટેકરી પર અજિતનાથ ભગવાનની શ્વેત કાયોત્સર્ગ પ્રતિમા છે.

ધર્મશાળા-ભોજનશાળાની સંપૂર્ણ સુવિધા છે. વીજાપુરથી ૧૦ કિ.મી. દૂર છે. ઘંટાકર્ણ વીરની માનતાના કારણે અહીં લોકોની અવરજવર બહુ રહે છે.

## કિલોમીટરની માહિતી

*(પ્રકાશિત પુસ્તકોના આધારે અને અનુમાનથી લખેલ છે.)*

મહેસાણાથી ગાંભુ ૨૪; • થી ચાણસ્મા ૧૦; • થી કંબોઈ ૧૬; (મહેસાણાથી ચાણસ્મા ૩૨); મહેસાણાથી સીધા રાધનપુર ૯૫; • થી વાવ ૬૦; • થી ઢીમા ૧૨; • થી ભોરોલ ૯; • થી થરાદ ૨૨; • થી ભીલડિયાજી ૫૦; • થી જૂના ડીસા ૨૦; • થી ચારૂપ ૩૫; • થી પાટણ ૧૬; • થી મેત્રાણા ૩૫; • થી પાલનપુર ૫૦; • થી કુંભારિયા ૬૦; • થી મોટા પોસીના ૩૦; • થી ખેડબ્રહ્મા ૪૫; • થી વડાલી ૬; • થી ઈડર ૧૪; • થી દાવડ ૨૫; • થી ઈડર થઈને પોસીના ૪૦; • થી ઈડર-વડાલી-ધરોઈ ડેમ થઈને તારંગા ૭૨; • થી ખેરાળુ ૧૪; • થી વડનગર ૨૧; • થી વીસનગર ૧૩; • થી વાલમ ૧૦; • થી વીજાપુર ૪૦; • થી મહુડી ૮; • થી મહેસાણા ૫૦.

# રોડ સંબંધી સૂક્ષ્મ માહિતી

પ્રોગ્રામ ૪-૫ માં નાના તીર્થો ઘણા છે. એટલે જાત-અનુભવના આધારે રોડ સંબંધી વિશેષ વિગત આપીએ છીએ.

- મહેસાણાથી પાનસર માટે :- કલોલ જતાં છત્રાલથી ડાબી બાજુ ૫ કિ.મી. અંદર.
- ઈડરથી તારંગા—અંબાજી તરફ જતાં વડાલી પછી ડાબી બાજુ ધરોઈ ડેમ પછી ખેરાળુ પહેલા ડાબી બાજુ ૪ કિ.મી અંદર (૫૮ કિ.મી.)
- તારંગાથી મેત્રાણા—ખેરાળુ સિદ્ધપુર પછી પાલનપુર રોડ ઉપર ૫-૭ કિ.મી. ગયા પછી ડાબી બાજુ વડુ-કાકોશી રોડ ઉપર ૫-૭ કિ.મી. જતાં મેત્રાણા તીર્થ આવે છે.
- પાટણથી ચારૂપ—પાટણ ડીસા રોડ ઉપર અઘાર પછી ડાબી બાજુ ૪ કિ.મી. અંદર (કુલ ૧૭ કિ.મી.)
- પાટણથી મેત્રાણા—ડીસા રોડ પર વડુ પછી જમણી બાજુ એક કિ.મી. અંદર.(૩૫ કિ.મી.)
- પાનસરથી સેરિસા—હાઈવેથી સાણંદ તરફ (૧૭ કિ.મી.)
- સેરિસાથી વામજ માટે :- સેરિસાથી ડાબી બાજુ સાણંદ રોડ ઉપર ૨ કિ.મી. પછી મોટી ભોયણ, પછી ૦॥ કિ.મી. પછી જમણી બાજુ ૨॥ કિ.મી. અંદર (કુલ ૧૩ કિ.મી.)
- વામજથી ભોયણી—કરણનગર, કડી થઈને (૩૧ કિ.મી.)
- ભોયણીથી રાંતેજ—કટોસણ રોડ ઉપર ધનપુરા પછી (૨૪ કિ.મી.)
- પાટણથી ભોયણી—ચાણસ્મા, મોઢેરા, બહુચરાજી પછી વિઠ્ઠલપુરથી ડાબી બાજુ દેત્રજથી ડાબી બાજુ અંદર ૮ કિ.મી.
- કુંભારિયાથી તારંગા—અંબાજી-દાંતા રોડ પર દાંતા પછી ખેરાળુથી ૨૧ કિમી. પહેલા ડાબી બાજુ ૪ કિ.મી. ઉપર તારંગાહિલ છે. (૬૦ કિમી.)

# મુખ્ય તીર્થોના ફોન નંબર

## ૧. વડોદરા વિભાગ

પારોલી (02676) 234539/ 234510
પાવાગઢ શ્વે. (02676) 245606
દિ. (02676) 245624
બોડેલી (02665) 222067
ડભોઈ (02663) 258150
ઝઘડિયા (02645) 220883
મહુવા (02625) 255772 255074
ભરૂચ (ધર્મ.) (02642) 221750
ગાંધાર (02641) 232345
કાવી (02644) 230229
નવસારી (તપોવન) (02637) 258959

## ૨. સૌરાષ્ટ્ર વિભાગ

માતર (02694) 285530
ખંભાત (બંશીલાલ યાત્રિક ભવન) (02698) 220117
ખંભાત (ધર્મશાળા, દંતારવાડા) (02698) 220447
ખંભાત (સ્તંભન પાર્શ્વનાથ) (02698) 223696
ધોળકા (કળિકુંડ) (02714) 225738/225739
વટામણ ચોકડી (02714) 272308
તગડી (02713) 232766
અયોધ્યાપુરમ્ (02841) 281388
વલ્લભીપુર (02841) 222433
પાલીતાણા - પેઢી (02848) 42148
પાલિતાણા ગિરિરાજ જ્ઞાન મંદિર (02848) 253230, 99243 30160
હસ્તગિરિ (02848) 284101
શેત્રુંજી ડેમ (02848) 252215
કદંબગિરિ (02848) 282101
તલાજા (પેઢી) (02842) 222030
(પહાડ) (02842) 222259
ઘોઘા (0278) 2882335
દાઠા (02842) 283324
મહુવા (ભોજનશાળા) (02844) 222259

મહુવા પેઢી (02844) 221216
અજારા (02875) 222264
ઊના (02875) 222233
ચંદ્રપ્રભાસ પાટણ
(02876) 231638
વંથલી (02872) 222264
જૂનાગઢ ગામ
શ્વે. (0285) 2650179
દિ. (0285) 2654108
ગિરનાર તળેટી
શ્વે. (0285) 2220059
દિ. (0285) 2221519
ગિરનાર નવી ધર્મશાળા શ્વે.
(0285) 2620251/
94281 87695
જામનગર (0288) 2678923
ડોળીયા (02755) 235444
સિયાણી (02753) 251550

## ૩. કચ્છ વિભાગ

કટારિયા (02837) 273341
ભદ્રેસર (02838) 282361/
282362

બોંતેર જિનાલય
(02834) 244159
સુથરી (02831) 284223
નળિયા (02831) 222327
કોઠારા (02831) 282235
જખૌ (02831) 287224
તેરા (02831) 289223/
289224
પાર્શ્વવલ્લભ ઇંદ્રધામ (યક્ષતીર્થ)
(02835) 294115

## ૪. અમદાવાદ-શંખેશ્વર વિભાગ

અમદાવાદ (હઠીસીંગની વાડી)
(079) 2180774, 2120455
ચૈતન્યધામ (079) 23272222
બોરીજ (079) 23226380
ઉપરિયાલાજી (02757) 226826
શંખેશ્વર (02733) 273514
જમણપુર(02733) 286232 PP
કંબોઈ (02734) 281315
ચાણસ્મા (02734) 223296
ગાંભુ (02734) 282325
મોઢેરા (02734) 284390

રાંતેજ (02734) 267320
ભોયણી (02715) 250204
પાનસર (02764) 288240
સેરિસા (02764) 250126

## પ. રાધનપુર-પાટણ વિભાગ

મહેસાણા-(સીમંધરસ્વામી મંદિર)
(02762) 251674/251087
રાધનપુર (02746) 275511
વાવ (02740) 27113
ઢીમા (02740) 26427/26411
ભોરોલ (02737) 224321
થરાદ (02737) 222036
ભીલડિયાજી (02744) 233130
ચારૂપ (02766) 277562
પાટણ (પંચાસરા પાર્શ્વનાથ)
(02766) 222278/220559
મેત્રાણા (02767) 281242
પાલનપુર (02742) 253731
કુંભારિયાજી (02749) 262178
મોટા પોશીના(02775) 283471
ખેડબ્રહ્મા (02775) 20068/
20108
દેરોલ-વાઘેલા(02775) 241136
વડાલી (02778) 220419
ઈડર શ્વે. પહાડ
(02778) 250442
નાના પોસીના
(02778) 266367
ભિલોડા (02771) 234731
દાવડ (02778) 277231 PP
તારંગા શ્વે. (02761) 253411
દિ. (02761) 295073
તારંગા (તપોવન) દિ.
(02761) 295430/295485
વડનગર
(02761) 22337/22101PP
ઉમતા (02765) 289085
વાલમ (02765) 285043
મહુડી
(02763) 284626/284627
વીજાપુર (02763) 220209

**ફોન નંબરમાં ફેરફાર હોઈ શકે છે. ચેક કરી લેવા.**



જિનાલયનો ભવ્ય પ્રવેશ દ્વાર, શંખેશ્વર



શ્રી અજિતનાથ મંદિર, તારંગા



શ્રી ચંદ્રપ્રભ ભગવાન મંદિર, પ્રભાસપાટણ



ત્રણ માળનો ભવ્ય કીર્તિસ્તંભ, ભિલોડા

નૂતન મંદિર, ભદ્રેશ્વર



₹ 35/-